1st Cover Page

શ્રી બાલાસિનોર નવયુવક સંઘ પ્રકાશિત

# જ્યોતિ પુંજ

સપ્ટેમ્બર - ૨૦૦૮'

છુટક નકલ રૂા. ૧/-


## બાળકનો હક્ક

અત્યારે આપણે બાળપણનું લગભગ અવમૂલ્યન કરી નાખ્યું છે. બાળકનું બાળપણ જાણે તેની આળસની જ અદા હોય, બાલ્યાવસ્થા નિકમ્માપણાની પડતર જમીન હોય તેમ આપણે ત્રણ-ચાર વર્ષના બાળકને, બાળપણના તેના તમામ ઉમંગોની લીલી ડાળી કાપી નાખીને, વહેલાં વહેલાં ફૂલ અને ફળ ધારણ કરનાનાર વૃક્ષમાં બદલી નાખવા મથીએ છીએ. આખી દુનિયામાં અત્યારે હવે વિચારશીલ માણસો કહેવા માંડયા છે કે, ભાઈ, બાળકને કારખાનાના કાચા માલ જેવો ગણીને એકદમ જિંદગીના સાંચાચરમાં ધકેલવાની ધૂન છોડી દો. બાળપણનો એનો હક્ક તમે છીનવી ન લો. બાળકને બાળપણ ભોગવવાનો જન્મસિધ્ધ હક્ક છે અને તેને બાળપણની માતૃગોદમાંથી એકદમ બહાર ફંગોળીને જિંદગીના મેળામાં ભૂલો પાડવાની કોશિષ ન કરો પણ ઊંચું જીવનધોરણ સિધ્ધ કરવાની સમજ આપો.


- સંકલન

શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત

## શ્રીમતી મંજુલાબેન શાંતિલાલ મહેતા(ધરીવાળા) પુરસ્કૃત



# કોમ્પ્યુટર શિક્ષણ યોજના



આ યોજનામાં સ્કુલમાં અને કોલેજમાં ભણતા વિદ્યાર્થીઓ, ગૃહિણિઓ, સીનીયર સીટીઝન લાભ લઈ શકશે. આ યોજનામાં નીચે મુજબના કોર્સ શીખવાડવામાં આવશે.

| Name of the courses | Duration | Rs. |
|---|---|---|
| Basic course | 2 Months | 1200 |
| Tally 9 | 2 months | 2500 |
| DTP (Graphics course) | 3 months | 2750 |
| Kids Course (5 to 9 yrs) | 32 hours | 1000 |
| Kids Course above 9 yrs | 40 hours | 1500 |

આ યોજના માટે સંસ્થામાં ફોર્મ ભરવું જરૂરી રહેશે ફોર્મની સાથે પુરી ફી ચેક અથવા રોકડા સાથે ૧ ફોટો આપવાનો રહેશે. સફળતાપુર્વક કોર્સ પુરો કરી, સર્ટિફિકેટ મેળવનાર વિદ્યાર્થીને ૫૦ ટકા ફી ચેકથી પાછી આપવામાં આવશે.

## ADDRESS OF TRAINING CENTER

## SOFTWARE ACADEMY

15/A Parekhwadi V.P.Road, Mumbai - 400004 - Tel :- 23814915

આ અંગેના ફોર્મ સંસ્થાની ઓફિસે સંસ્થાના સમય દરમ્યાન તથા સંયોજક શ્રી સમીર જયેન્દ્ર ગાંધી (લુહારચાલ) પાસેથી મળશે

આ અંગેની વધુ જાણકારી માટે તથા ફોર્મ સંપૂર્ણ ભરીને સંયોજક સમીર ગાંધી ને નીચે જણાવેલ સરનામે પહોચતા કરવાના રહેશે.

**SAMIR JAYENDRA GANDHI** : Tel :- 22060294/ 22038077 / 9821234306.

**NIKOSHI TRADING CO**, : Room No 12/5 1st Floor, Carmellos Building,
63/67 Pathak Wadi, Lohar Chawl, Mumbai-2

*સંપાદક - સમીર જયેન્દ્ર ગાધી , મંત્રી - મંજુલ શૈલેષ ધારીઆ*

# જયોતિ પુંજ

| વર્ષ | અંક | તારીખ |
|---|---|---|
| ૫૦ | ૬ | ૧૪-૦૯-૨૦૦૮ |

છુટક કીંમત : **રૂા.૧/-** વાર્ષિક લવાજમ : **રૂા.૧૦/-**

નિખિલ પરીખ (તંત્રી)
જતીન ન. દેસાઈ / ચેતન કાં. મોદી
શ્રીમતી રીટા મુ. ગાંધી (S.E.O.)
નિકેશ જ. ગાંધી
અમીત વ. પારેખ

**પત્રવ્યવહારનું સરનામું**

**નિખિલ પરીખ (ફોન : ૨૩૮૨ ૨૫ ૧૦)**
વીલગ્રીન કોમર્શીયલ કોરપોરેશન
૬, ખોખા બજાર, મુંબઈ-૪૦૦ ૦૦૩.
**ફોન :** ૨૪૪૪ ૯૯૧૬ ૰ ૨૪૪૪ ૯૯૨૯

**મંત્રી : મંજુલ શૈલેષ ધારીઆ (હેડમાસ્તર)**
૧૨, એ, ગાંધીનગર, ડી.સી. રોડ
ભારત બજાર, વરલી, મુંબઈ - ૪૦૦ ૦૧૮.
ટે.(ઓ.) : ૨૪૯૩ ૩૬૧૮ / ૬૫૮૦ ૨૪૪૧
(ઘર) : ૨૩૬૩ ૩૩૪૫(મોબાઈલ) : ૯૮૨૦૧૩૫૦૧૪

**: કાર્યાલય :**
૧૧૮/૧૨૦, અરદેશરદાદી સ્ટ્રીટ, વી.પી. રોડ,
મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮ ૭૦૦૬
**: સમય :**
સોમવાર થી શનિવાર ૭ થી ૮.૩૦ (સાંજે)
રવિવાર ૯.૩૦ થી ૧૧.૦૦ (સવારે)
**visit us at www.balasinor.org**


## હું ટ્રસ્ટી ...... ટ્રસ્ટ કેટલો

**તંત્રી સ્થાનેથી**

*વિવાદો આપણાં દેશમાં રોજના છે અને વિવાદાસ્પદ વ્યક્તિ હોવું એ મહાનતા ગણાય છે. છાપા, મેગેઝીનોમાં રોજ નામ આવે અને પ્રસિધ્ધ મળે. આ માટે ઘણાં લોકો રોજ નવા ગતકડાં કરતાં હોય છે. નેતાઓ તો મોટા અભિનેતાઓ જ છે, પણ અભિનેતાઓ પણ હમણાંના લેખક થઈને પોતાના બ્લોગ દ્વારા વિવાદમાં રહે છે અને લોકો વાંચે પણ છે. અત્યાર સુધી હીરો હીરોઈનના પ્રેમના વિવાદો ચાલતાં હવે બે હીરો મારામારી પર ઉતરી આવ્યા. એક બાબા યોગ શીખવતાં શીખવતાં ડૉક્ટરો ઉપર આક્ષેપો કરવા ઉપર ઉતરી આવ્યાં. 'બાપુ' જેવા પવિત્ર શબ્દની તો બની બેઠેલા બાવા, સાધુઓએ ધૂળધાણી કરી નાખી છે. કોઈ મને પુછે કે ભગવાન સુધી જવાનો સૌથી સરળ માર્ગ કયો ? તો જવાબ છે ધાર્મિક પ્રવચનો કરવાનો, કથાકાર કે પ્રવચનકાર થવાનું. ધાર્મિકતાનો આંચળો ઓઢી લેવાનો, ગુરૂ થઈ જવાનું, ધીરે ધીરે લોકોની ભીડ જમા કરવાની, થોડાક પૈસાવાળા લોકોને નજદીક લાવી દેવાના, એમના ઘરે પધરામણી કરવાની પોતાના દર્શનનો લાભ આપવાનો, થોડા લોકસેવાના કાર્યો કરવાના, પછી લોકોની સેવાના નામે ટ્રસ્ટની સ્થાપના કે આશ્રમની સ્થાપના કરવાની, મારા માટે તો પૈસા એ રાખ બરાબર છે એવો દેખાવ કરવાનો (પછી ભલે રોજ એ રાખમાં આળોટતા હોઈએ). મારો તો ઈરાદો આ ટ્રસ્ટ દ્વારા લોકોની સેવા કરવાનો છે. જે આપવું હોય એ આ ટ્રસ્ટમાં આપો, બે ચાર પ્રસિધ્ધ કે*

પ્રતિષ્ઠિત વ્યક્તિઓને પણ ટ્રસ્ટી બનાવવાના. આજુબાજુ થોડા ચેલાઓ ઉભા કરવાના, પોતાના ફોટાના લોકેટો બનાવીને શ્રદ્ધાળુઓને વહેંચવાના, ધીરે ધીરે લોકો જમા થતા જશે, પગે લાગતાં જશે, પધરામણી કરાવતાં જશે અને ઘરના મંદિરમાં ભગવાનની બાજુમાં તમારા ફોટાની પણ સ્થાપના થઈ જશે. કેટલો સરળ રસ્તો ભગવાન સુધી પહોંચવાનો? રજનીશજી જેવા મહાન ચિંતક તો ત્યાં સુધી પહોંચી ગયા કે પોતાને ભગવાન - ઓશો કહેવડાવવા લાગ્યા. એતો ભગવાન વેળાસર ચેતી ગયા એમને ખરેખર પોતાની પાસે બોલાવી લીધા. બાકી મંદિરો બંધાવવાના જ બાકી હતાં. કદાચ એટલે આપણા શાસ્ત્રમાં કે લોક વાયકાઓમાં આપણી વસ્તી કરતાં વધુ ભગવાનોનો ઉલ્લેખ છે.

વ્યક્તિ પૂજા એ આપણા ભારત દેશનો સદીઓ જુનો રોગ છે. પહેલાં રાજાઓ પુજાતા પછી જાગીરદારો આવ્યા પછી નેતાઓ હવે અભિનેતાઓ, ધાર્મિક નેતાઓ, સાધુ, સંતો, બાબાઓ, બાપુઓ, મહારાજો, બાવાઓ, દાદાઓ, બેટીઓ, દેવીઓ બધાજ 'પપુ' (પરમ પુજ્ય) ઈશ્વર ભુલાઈ ગયો, ભગવાન ભુલાઈ ગયા. મા બાપની આગળ પરમ પુજ્ય લખવામાં શરમ આવે, એમના બુટ-ચંપલ મુકવામાં શરમ આવે પણ બાબાની પાદુકાની સ્થાપના કરાય. શ્રવણ મા-બાપને કાવડમાં લઈ જતો. આજે લોકો હજી પણ મહારાજોને પાલખીમાં ફેરવે છે. બાબાની વાણી અમૃત અને એના મુખમાં તો ગંગા જમાના સરસ્વતી વહે અને મા-બાપની વાણી કચકચ લાગે. ઈશ્વર સુધી લઈ જવાનો દાવો કરતાં લોકોને જ લોકો ઈશ્વર સમજી લે છે. ગુરૂ ભગવાન સુધી લઈ જાય પણ લાયકાત કોણ નક્કી કરશે?

હમણાં આસારામ બાપુના ટ્રસ્ટો અને આશ્રમો ચર્ચામાં છે. એ પહેલાં દાદાના ટ્રસ્ટોનો વિવાદ ચાલ્યો હતો અને જાહેર ચર્ચામાં ના આવ્યા હોય એવા કરોડો ટ્રસ્ટો ચાલતાં જ હશે. લોકો સેવા માટે સ્થપાતાં આવા ટ્રસ્ટોમાં દાન, ડોનેશન ઉપરાંત ભક્તોના એક્ષ્પલોઈટેશન દ્વારા પણ પૈસા આવે છે. ભક્તો કૃષિખેતી દ્વારા સાબુ કે ઔષધિઓની કે બીજી હાથ બનાવટની વસ્તુના વેંચાણ દ્વારા આ ટ્રસ્ટમાં પૈસા લાવે છે, 'ભગવાનનો ભાગ'ના નામે પણ લોકો ટ્રસ્ટો ઉપર ટ્રસ્ટ રાખીને પોતાની કમાણીનો ભાગ એમાં આપે છે. ટ્રસ્ટો દ્વારા લોકોની સેવા થાય છે. પણ આવક કરતાં જાવક ઓછી હોય. વ્યાજના થોડા પૈસા વપરાય પણ મુડી વધતી જાય. એમ કરતાં કરતાં ટ્રસ્ટ મોટું થઈ જાય અને પછી શરૂ થાય ટ્રસ્ટ ઉપર વર્ચસ્વ જમાવવાની દોડ. ટ્રસ્ટીઓ વચ્ચેના વિખવાદો અને એને પોતાની સંપત્તિ ગણીને વારસદાર ટ્રસ્ટીઓ. આશ્રમોમાં પણ એ જ થાય છે. શરૂઆતમાં સારા કામો થાય પણ ધીરે ધીરે મુખ્ય વ્યક્તિનો કંટ્રોલ છુટતો જાય, લે ભાગુઓ અને તક સાધુઓ એનો દુરૂપયોગ કરતાં થઈ જાય અને આશ્રમ છાપે ચઢે.

ટ્રસ્ટનો અર્થ જ વિશ્વાસ છે અને ટ્રસ્ટીઓ એટલે વિશ્વાસુ વ્યક્તિ. કોઈપણ સારા કામ કરવા માટેના ઉદ્દેશમાં મોટી રકમ ફાળવવામાં આવે અને એ સારું કામ કાયમી ધોરણે ચાલતું રહે એ માટે ટ્રસ્ટની સ્થાપના કરવામાં આવે છે. મોટાભાગે એ રકમનું વ્યાજ જ વપરાતું હોય છે અને ધીરે ધીરે એ ટ્રસ્ટમાં વધુ રકમ ઉમેરાતી જતી હોય છે. સગાં સંબંધીઓને પણ કંઈક આપવું હોય તો એને પણ ટ્રસ્ટીગણમાં શામેલ કરવામાં આવે અને આમ ટ્રસ્ટની રકમ સાથે ટ્રસ્ટી ગણની સંખ્યા પણ વધતી જાય અને પછી શરૂ થાય મુખ્ય ટ્રસ્ટીની વાતો અને વિવાદો. મારી દ્રષ્ટિએ ટ્રસ્ટ એ તળાવ છે. જેમાંથી ફક્ત થોડું ઘણું પાણી જ વપરાય છે અને દર વર્ષે એને મોટું કરીને વધુને વધુ પાણીનો સંગ્રહ થાય

છે. એનો લાભ થોડા ઘણા જણ જ લઈ શકે છે અને બંધિયાર હોવાથી ક્યારેક ગંધાવા પણ માંડે છે. ટ્રસ્ટ નદી જેવું હોવું જોઈએ. જે આવે તે વહેવું જોઈએ. નદી વહેતાં વહેતાં વધુને વધુ લોકોને લાભ આપે છે. અને વધુને વધુ ઝરણાઓનો લાભ એને મળે છે, પરંતુ મોટાભાગના ટ્રસ્ટો બંધિયાર પાણી જેવા જ રહે છે. ફક્ત વ્યાજ વપરાય ને મુડી વધતી જાય અને ટ્રસ્ટીઓ કે સંચાલકો પોરસાતા જાય. અમારું એક કરોડનું ટ્રસ્ટ થઈ ગયું. પરંતુ પૈસાના મુલ્યનું શું? આઠ ટકા વ્યાજ સામે મોંઘવારી સરકારના પ્રમાણે બાર ટકા (ફુગાવો) પણ હકીકત પંદર ટકાથી વધુ મોંઘવારી દર વર્ષે વધે છે. મેડીકલમાંતો આ દર એથી પણ વધુ છે. એ દ્રષ્ટિએ જોઈએ તો વધતી મુડી અને એના વ્યાજમાંથી અપાતી રાહત મુલ્યની દ્રષ્ટિએ ઘટતી જ જાય છે અને મુડીનું મુલ્ય પણ દર વર્ષે ઘસાતું જ રહે છે. આજના સો રૂપિયાનું મુલ્ય આવતા વર્ષે ૮૮ રૂા. અથવા ૮૫ રૂા. જ થઈ જાય છે. સામાન્ય રીતે ટ્રસ્ટની આવક ઉપરથી એ વર્ષનું રાહતનું બજેટ નક્કી થતું હોય છે. એના કરતાં જરૂરિયાત પ્રમાણે બજેટ નક્કી કરીએ તો? ધારોકે ગયા વર્ષે આવેલ અરજીઓમાંથી ૬૦ ટકા રાહત આપી. આ વર્ષે ૮૦ ટકા કે ૧૦૦ ટકા રાહત આપવી છે. આપણી પાસે કરોડ રૂપિયાનું ૮ લાખ વ્યાજ આવે છે અને ૪ લાખ ઓછા પડે છે. જો ફક્ત વ્યાજ જ વાપરવું હોય તો ૮ ટકાના દરે ૪ લાખ મેળવવા ૨૦ લાખ ઉઘરાવવા પડે. પણ જો દસ લાખ જ ભેગા થાય તો? રાહતમાં ૨ લાખનો કાપ મુકાવાને બદલે દસમાંથી ચાર વાપરીને બાકીના છ જમા ન થઈ શકે? ટુંકમાં કહીએ તો ખોટ પુરવણી દ્વારા રાહત પુરી પાડવી જોઈએ. આવક કે મુડી વાપરવી જોઈએ. કારણકે આજના કરોડની કિંમત પાંચ વર્ષે અડધીજ થઈ જવાની છે.

દરેક ટ્રસ્ટમાં ટ્રસ્ટીઓ ઈચ્છતા હોય છે કે ટ્રસ્ટ કામય માટે ચાલે. લાંબે ગાળે વધારાની આવક નહી થાય તો? પણ આજના ભોગે કાલ સાચવવાની વાત કેટલી સાચી. આપણે આપણા જીવનમાં પણ બચત કરીએ છીએ જેથી બુઢાપામાં કામ આવે પણ ૧૦૦ રૂપિયા કમાઈને ૨૦ કે ૩૦ બચાવી બીજા વાપરીએ નહી તો એને બચત નહી પણ કંજુસાઈ કહેવાય. ભવિષ્યની ચિંતા કરવી જોઈએ. પણ આજની જરૂરિયાત આજના શોખ કે આજની સગવડના ભોગે તો ન જ થાય ને? અને જે ટ્રસ્ટો વાપરે છે એને દાતાઓની ખોટ કદી નથી પડતી. અને કદાચ ૨૦, ૨૫ કે ૫૦ વર્ષે ટ્રસ્ટ બંધ થાય તો પણ શું? દરેક વસ્તુનો ક્યાંક, ક્યારેક તો અંત આવે જ છે. આ દુનિયામાં કાયમનું કશું જ નથી તો પછી એની ચિંતામાં આજની જરૂરિયાત રૂંધિ નાખવી કેટલું યોગ્ય કહેવાય.

**- નિખિલ પરીખ**

# મેરા નામ કરેગા રોશન

- પંકજ. કે. શાહ

*'તુજે સૂરજ કહું યા ચંદા, તુઝે દીપ કહું યા તારા,*
*મેરા નામ કરેગા રોશન... જગમેં મેરા રાજ દુલારા...'*

પોતાના બાળકના જન્મની સાથે જ દરેક મા-બાપની આંખોમાં સપ્તરંગી સપનાઓના મેઘધનુષ રચાય છે.

પ્રત્યેક માતા-પિતાની એક તમન્ના હોય છે કે પોતાનું સંતાન જે પણ ક્ષેત્રમાં જાય ત્યાં સતત પ્રગતિ સાધે, સફળતા મેળવે, ખૂબ નામના પ્રાપ્ત કરે અને પરિવારનું નામ રોશન કરે.

પોતાનું બાળક કોઈ વિરલ સિદ્ધી મેળવે, આસમાનને આંબતી સફળતા મેળવે, પોતાના કુળનું નામ રોશન કરે ત્યારે માત-પિતાની ખુશીનો પાર રહેતો નથી. પોતાનું જીવન સાર્થક થયાની લાગણી તેઓ અનુભવે છે.

ભારત દેશના ઈતિહાસમાં ૨૦૦૮માં રમાયેલ બીજીંગ ઓલિમ્પિક રમતોમાં, ૧૦ મીટરની ફ્રી સ્ટાઈલ શૂટિંગ સ્પર્ધામાં, સૌ પ્રથમ વ્યક્તિગત સુવર્ણચંદ્રક મેળવનાર અભિનવની સિદ્ધીને સમગ્ર રાષ્ટ્ર અને પરદેશમાં વસતા તમામ ભારતીયોએ ગૌરવ પુર્ણ રીતે વધાવી. ઈનામોની વણઝાર જાહેર થઈ. પણ સૌથી વધુ ખુશી તો તેના માત-પિતાને થઈ. પોતાના સંતાનની મુઠ્ઠી ઉચેરી સિદ્ધિથી અત્યંત આવુક બની ગયેલ પિતાએ કહયું 'મારા દિકરાને જેટલા અભિનંદન આપુ તે ઓછા છે. એ જે માગે તે આપવા હું તૈયાર છું. તેના માટે ૨૦૦ કરોડની એક હોટલ બનાવવા માગુ છું.'

૧૯૮૩માં ભારતીય ક્રિકેટ ટીમે વનડે વિશ્વકપ જીત્યો હતો. ૨૦૦૮માં રમાયેલ સૌ પ્રથમ ૨૦-૨૦ વિશ્વકપ ભારતીય ટીમ જીતી હતી. ભારતીય હોકી ટીમે અત્યાર સુધી ઓમ્મ્પકિમાં કુલ આઠ સુવણચંદ્રકો મેળવ્યા છે. જે એક વિશ્વવિક્રમ છે. ૧૯૮૧માં પ્રકાશ પદુકોણે બેડમિન્ટન ચેમ્પિયનનું બિરૂદૂ હાંસલ કર્યું હતુ. ૨૦૦૪માં રાજ્યવર્ધન રાઠોરે સિલ્વર મેડલ મેળવ્યો હતો. ચારેક વર્ષ અગાઉ ગોપીચંદ્ર પણ બેડમિન્ટન ચેમ્પિયન બન્યો હતો. ભારતે મેળવેલી આ તમામ સિદ્ધિઓ સંખ્યાની દ્રષ્ટિએ ખૂબ ઓછી કહેવાય પણ મેળવેલ સુવર્ણસિધ્ધિઓ ભારત દેશનું નામ જરૂર રોશન થયુ છે.

અભિનવ બિન્દ્રાની વાત કરીએ તો તેને મેળવેલી આ અદભૂત સિદ્રિ બાદ, તેના વિશે જ્યારે સમાચાર પત્રોમાં વાંચવામાં આવ્યુ ત્યારે મનમાં થયુ ખરેખર આ યુવાન પ્રત્યેક ભારતીયના સલામને પાત્ર છે. એક વર્ષ અગાઉ તો પોતે પીઠ અને કરોડરજ્જુની બીમારીના કારણે છ મહિના સુધી પથારી વશ હતો. પણ પોતાના લોખંડી મનોબળથી આ બીમારી ઉપર વિજય મેળવી સ્પર્ધામાં ભાગ લેવા સજ્જ બન્યો અને સ્પર્ધાની આગલી રાતે તેની આંખોમાં નિંદરને બદલે આવતી કાલની સ્પર્ધામાં કેવો અભિગમ અપનાવવો તેમજ કેવી ટેકનીકથી રમવુ તે વિચારો રમતા હતા. જ્યારે તે સ્પર્ધા ઉતર્યો ત્યારે પ્રથમ સ્થાન મેળવવુ, મેડલ જીતવો, ઈતિહાસ રચવો એવું કોઈ જ લક્ષ્ય નહોતુ. માત્ર એકજ ધ્યેય હતો કે સતત સારુ પ્રદર્શન કરવુ, પોતાની તમામ શક્તિ ખૂબ ધ્યાનથી કામે લગાડવી અને અર્જુન જેવું નિશાન તાકવુ. પછી તો ઈતિહાસ આપોઆપ રચાઈ ગયો. નવાઈની વાત તો એ છે કે જ્યારે મેચ રેફરીએ પ્રથમ નંબર જાહેર કર્યો ત્યારે તેને ખબર પડી કે પોતે સુવર્ણચંદ્રક મેળવ્યો છે.

આટલી મહાન, અદ્રિતીય અને અલૌકિક સિદ્ધિ મેળવ્યા બાદ પણ સાતમા આસમાને ન વિહરતા પોતાના પગલા જમીન ઉપર જ રાખ્યા. પારિતોષિક મેળવતી વખતે પણ કોઈ નખરા નહિ. ચહેરા ઉપર મોહક સ્મિત અને શાંત, ઠરેલ, વિવેકી, નમ્ર તથા સૌમ્ય વર્તન દરેકના હૃદય જીતી લીધા આ રમતવીરે આજની યુવા પેઢીએ ૨૬ વર્ષના આ તરવરિયા નવયુવાન માંથી પ્રેરણા અને સબક લેવા જેવા છે. અચાનક, અણધારી સફળતા મળી ગયા બાદ સામાન્ય રીતે વ્યક્તિમાં ઘમંડ,

અભિમાન અને તોછડાપણુ આવી જતા હોય છે. બોડી લેન્ગવેજમાં ફરક વર્તાય છે. આપણે અનેક વાર જોયુ છે કે મોટી સફળતા મળી ગયા બાદ ઘણા રમતવીરો અને સિતારાઓ છકી જતા હોય છે. અરે આપણા જેવા સામાન્ય માણસો પણ એકાદ કલબ કે સંસ્થામાં કોઈ હોદ્દો મળી જાય તો જાણે મોટો વાઘ માર્યો હોય તેવુ વર્તન કરી નાખતા હોઈએ છીએ. મળેલી સિધ્ધિને પ્રભુનો પ્રસાદ સમજી કેટલી સહજતાથી તેનો સ્વીકાર કરવો તે અભિનવની આ વિરલ સિદ્ધિ માંથી સૌ એ સ્વીકારવા જેવી 'શીખ' છે.

આપણી આસપાસ જોવા, વાંચવા મળતા તથા અનુભવતા આવા સત્ય પ્રસંગો ઉપર ઉંડાણપૂર્વક વિચાર કરીએ, મનોમંથન કરવા માટે થોડો સમય ફાળવી શકીએ તો જીવન જીવવાની આપણી દ્રષ્ટિ જ બદલાઈ જાય છે.

આજની યુવા પેઢીમાં એક તરવરાટ જોવા મળે છે. કોઈપણ સંજોગો હોય તેનાથી નાસીપાસ ન થતા, પોતે બનાવેલ પોતાના ધ્યેયની પ્રાપ્તિ માટે, પોતાનાથી બનતા તમામ પ્રયત્નો કરી છુટવાની ધગશ આ યુવા પેઢી ધરાવે છે. પોતાની પાસે જે સાધનો ઉપલબ્ધ છે, તેનો બની શકે એટલો સારો ઉપયોગ કરી, સુંદરમાં સુંદર પરિણામ મેળવવા તેઓ મરણીયો પ્રયાસ કરે છે. કોઈપણ ક્ષેત્રમાં સફળતા મેળવવા તેઓ હંમેશા તત્પર રહે છે. તેથી તેઓ પોતાની મંજિલ મેળવી ને જ ઝંપે છે.

માત્ર અમેરીકામાંજ ઉછરતા સંતાનો જ પોતાના ધ્યેને પામી શકે છે એવુ નથી. ગરીબીમાં જીવતા સંતાનો પણ પોતાની મહેનત, ધગશ, અને લગનથી પોતાના મુકામ સુધી પહોંચી શકે છે.

જો એમ ન હોય તો તાજેતરમાં લેવાયેલી આઈ.એ.એસની પરીક્ષામાં બીડી વાળનાર શ્રમિકનો દીકરો ધનંજય ટોપર્સમાં બીજા નંબરે પાસ થયો ન હોત! ગરીબી, અછત, મુશ્કેલીઓ સામે લડી લેવાની જીદ જ આવા સંતાનોને સફળતા અપાવે છે.

આ વર્ષે ગુજરાત બોર્ડની પરીક્ષામાં પ્રથમ નંબર મેળવનાર રાજકોટની એક સ્કૂલની વિદ્યાર્થીની રિન્કલના પિતા શાકભાજી વેચવાનો ધંધો કરે છે. માત-પિતા અત્યંત ગરીબ અને શ્રમિક પરિવારના હોવા છતાં પોતે જરાય નાનમ અનુભવતી નથી 'આયોજનપૂર્વકની દરેક મહેનત સફળ થાય છે. ભણવાની જો ધગશ હોય તો ગરીબી નડતી નથી. અડગ મનના મુસાફરને હિમાલય જેવી મુશ્કેલીઓનો ભાર કદી વર્તાતો નથી.' આ છે તેના વિચારો.

આવોજ બીજો એક પ્રસંગ તાજેતરમાં વાંચવામા આવ્યો. મોરબીના એક નાનકડા ગામનો, ભિક્ષા માગીને પોતાનુ તથા પોતાના પરિવાનું ગુજરાન ચલાવતો ગિરીશ નામનો વિદ્યાર્થી એસ.એસ.સી. બોર્ડની પરીક્ષામાં પ્રથમ આવ્યો. પોતાની પાસે ભણવાના તથા ચોપડા ખરીદવાના પૈસા ન મળે, ઘરમાં વાંચવા માટે લાઈટ નહિ. ઘરની પરિસ્થિતિ અને સંજોગો એટલા વિચિત્ર કે બાળક ભણવાનુ વિચારી જ ન શકે. પોતે ઘરે-ઘરે ફરી લોટ માંગી લાવે પછી પરીક્ષા આપવા જાય. અંતે રિઝલ્ટ આવ્યુ ત્યારે ૭૭ ટકા માર્કસ સાથે નાગડાવાસ કેન્દ્રમાં પ્રથમ નંબરે પાસ થયો.

આવા સત્ય કિસ્સાઓ સાંભળીએ વાંચીએ ત્યારે થાય કે જો માનવી કંઈક મેળવવા ઝંખે તો અમીરી કે ગરીબી ભાગ્યેજ બાધક બને છે. સફળતા હંમેશ અમીરીના જ કદમ ચૂમે એવુ નથી હોતું. ગરીબી તથા મનુષ્યના જીવનમાં અચાનક આવતી 'પડતી' એક અભિશાપ જરૂર છે, પણ મક્કમ મનોબળ સફળતાની સોનેરી સીડી છે.

દરેક મા-બાપે આવા પ્રેરણાદાયક અને અનુકરણીય પ્રસંગો-કિસ્સાઓ પોતાના સંતાનો-આજની યુવા પેઢી સાથે ચર્ચવા જોઈએ. જેમાંથી જીવનમાં સફળતા મેળવવાના માર્ગને વેગ તો જરૂર મળે છે, પણ સાથે-સાથે સંજોગો સામે લડવાનું ઝનુન પણ સાંપડે છે.

આજના સ્પર્ધાત્મક યુગમાં પ્રત્યેક મા-બાપની એક ઝંખના હોય છે કે પોતાનું સંતાન જે ક્ષેત્રમાં હોય ત્યાં સફળતા મેળવે અને એક ઉત્તમ માનવ બને. મા-બાપ માટે આજ તો સૌથી ઉત્તમ સુખ છે. શ્રી ઠાકોરજી દરેક મા-બાપને આ સુખ આપે એજ અભ્યર્થના.

# સંબંધ

આપણે મનુષ્ય તરીકે અવની પર જન્મ ધારણ કર્યો તે ક્ષણથી જ આપણી જીંદગીનાં તાણાવાણા અનેક સંબંધો સાથે અતૂટ રીતે વણાઈ ચૂક્યાં છે. સંબંધો કેવા હોઈ શકે? સંબંધો કેવા હોવાં જોઈએ હંમેશા મીઠા-મધુરાં-ઉષ્માભર્યા સારાં સંબંધો માનવ-માનવ વચ્ચે કેળવાય તે જરૂરી છે. પરંતુ સમયાંતરે સંજોગવશાત દરેક સંબંધોમાં કોઈક પળ એવી આવે છે કે જરાક તાણમાં લાંબા ગાળાનાં ઉષ્માભર્યા સંબંધો ક્યારે તૂટી જાય છે તે સામી વ્યક્તિને ખબર પણ પડતી નથી.

માણસની યાદદાસ્ત કુદરતે એવી બનાવી છે કે સ્મૃતિની પસંદગી આપોઆપ જ થતી હોય છે. ઘણી બધી યાદો આપોઆપ ખરી પડે છે. આજ રીતે કોઈપણ સંબંધ શાશ્વત જળવાતો જોવા મળતો નથી. કાળક્રમે દરેક સંબંધોમાં ઉતાર-ચઢાવ સતત આવ્યાં જ કરે છે આથી ઘણીવાર જૂનાં સંબંધો પરંપરા મુજબ ન જળવાતાં કાળક્રમે તેમાં તિરાડ પડે છે અને આ તિરાડ વિસ્તરતાં યોગ્ય દરકાર, કાળજીનાં અભાવે આવાં સંબંધોનો અંત જોવા મળે છે. કોઈ વ્યક્તિ પ્રયત્ન પૂર્વક કોઈને કોઈ સ્મૃતિ છોડી દીધી હોય તેવું બનતું જ નથી. માણસ ધારે તો પોતાની સ્મૃતિને મનની પાટી પરથી ભૂંસી શકે છે. સ્મૃતિ માત્ર છેકી શકાતી નથી. તેની પર નવું આલેખન કરી તેને દૂર કરી શકાય છે. સ્મૃતિની સાચી સમૃદ્ધિ પ્રાપ્ત કરવાનું તદન સહેલું નથી. તેને માટે જીવનમાં નવા રસ કસ સિંચવા પડે છે.

તેવી જ રીતે આ જીવન સંબંધો ટકાવી રાખવા પરસ્પરનાં અંગત સ્વાર્થ કે અન્ય લાગણીઓની નોંધ લેવી જરૂરી બને છે. તો જ મજબૂત ટકાઉ સંબંધોનો ઉદ્ભવ થાય છે. સંબંધનો ખરો અર્થ થાય છે. સમ-બંધન એટલે કે સમાન-બંધન જે પરસ્પર બન્ને વ્યક્તિને સરખી સમાન રીતે લાગુ પડે છે. સાચાં -સારા સંબંધો પરસ્પરના અંગત્ સ્વાર્થ વગેરેથી પર હોય છે. અને આવા સંબંધોવાળી વ્યક્તિઓ પરસ્પરની લાગણીને માન આપી યથા યોગ્ય સંબંધોની માવજત કરતાં રહે છે. સંબંધો કેટલાં હોવા જોઈએ તેનાં કરતાં સંબંધો કેવા મજબૂત ટકાઉ હોવાં જોઈએ તે જરૂરી છે.

ઘણીવાર આપણે ગર્વથી આપણા સંબંધીઓ સાથે વાતચીત કરી શકીએ છીએ તો ક્યારેક અમુક સંબંધીઓનો ઉલ્લેખ માત્ર થતાં દિલમાં ઘૃણા ઉત્પન્ન થાય છે.

મિત્રો, આવો આજથી આપણે એવાં સંબંધો કેળવીએ કે જેની સુવાસ જીવનભર આપણાં આંગણે મહેંકતી રહે.

*-રાજેષ કડકીઆ*

# 'T' for Terrorism

At about 11.21 a.m. on 25th August, 2003, I had just finished college and our Principal advised us to go straight home as two bomb blasts had rocked Mumbai. As soon as I heard of it I decided to visit the spot. When I reached Zaveri Bazar, one of the two spot where the blasts took place, I witnessed heavy police security. I wanted to help the people who were rushed to the near by hospital but the cops did not even allow me to enter the high security blast site. However I managed to see the situation after the blast on a television in a shop just a few meters away. I realized that the bombs were planted using RDX in taxis. The situation at Gateway of India was equally bad. Amputated fingers of few victims were shown on televison. It seemed as if the black cemented roads of Mumbai were painted Red with blood.

On my way home I saw a doctor who was in his clinic which was just a few meters away and was watching the situation on the news but not once did he decide to go and help the needy. I lamented the fact that he was a Doctor. I reached the entrance of my building at around 12.45 p.m. and overheard the watchman saying that it was Muslim people behind the blasts. I was very angry on hearing that and felt like slapping him but I resisted my self as he was elder to me and however Gandhiji's non-violence ideologies were a fresh in my mind due to the movie 'Gandi' I watched on Independence Day which was a few days ago. Blaming that these militants are Muslims; It does not mean that all Muslims are terrorists. And I am saying this despite the fact I am a Hindu that Islam does not support such cowardly acts like those of terrorists.

On reaching home I switched on the news and I saw the channels unethically showing that around 100 people had died and more than 200 were injured, which was wrong on their part to do so without confirming with the police. It added fule to fire in the pandemonium going on in the city. However around 46 people had lost their life and more then 160 were injured.

Then the blame game started, opposition blaming the ruling government and vice-versa. Ministers poured at the blast sites like unusual summer rain in the Vidharba District of Maharashtra to give condolence to the injured people and declared compensation worth Rs. 1,00,000 for all who lost their lives and Rs. 10,000 for those injured. But the real question is that can money compensate anybodies life?

Seeing all this I switched off the Television set and had a bath and locked myself in solitude. I thought of the situation of my country where politics is placed above humanity. We must face all this bravely and together, unlike the selfish Doctors and greedy ministers. The best way to avoid such attacks is to be alert of what all is happening around you and even if you have an iota of doubt then you should inform the police. Remember that every citizen is a Cop without Uniform. Let us try our best so that in future small children do not memorize while learning alphabets that the letter 'T' stands for Terrorism.

***- By - Shiven Ketan Gandhi***

# કેવળ પ્રેમ

કેવળ પ્રેમ રહ્યો,
નહિ હળવું, નહિં મળવું
સંગ વિચરતા, પ્રણય ઉચરતા,
નહિં હસવું નહિં રડવું.
નહિં પાસે, નહિં દૂરે
નિજનિજનાં પરિભ્રમણે
ભ્રમત, ભ્રમત પરિભમવું, કેવળ પ્રેમ રહ્યો.
કેવળ પ્રેમ બન્યો
નહિં આકૃતિ, નહિં રૂપરંગકો
નહિં આલીંગન, નહીં ઉદ્દીપન
સ્વયંપ્રભવ નિજ.
સ્વયં રહયું આસ્વાદન
સ્વ ધાર ભીતર પરિદ્રવતી
છલકલ ધાર જગતપટ વહતી હતી
કેવળ પ્રેમબની, બસ વહેવું.
શતશત ધાર થઈ જગતે
નિત ઉચ્છલ જલ વહેતો.
કેવળ પ્રેમ બન્યો, કેવળ પ્રેમ રહ્યો માત્ર.
મને બાંધવા પ્રિયે,
તારી એક લટ માત્ર છે ઘણી,
શું આપણે પ્રેમ
કેવળ પ્રેમ રહ્યો માત્ર.
મને બાંધવા પ્રિયે,
તારી એક લટ માત્ર છે ઘણી,
શું આપણો પ્રેમ કેવળ આટલાંજ પૂરતો સિમિત કેમ ?

*- રાજેષ કડકીઆ ઘાયલ...*

## 'શિવો હમ'

જીવન મેં મૈને તુજકો ચુનાથા
તુજ સંગ મૈને ઘર એક સવારા
ચમનમેં હમને પૌદે લગાયે
ફુલોકી મહેફીલ તુંને સજાઈ (૧)
હરાભરા (તુને) સંસાર બનાયા
બહાર હી બહાર મુસ્કુરાને લગા યે
એક દિન એેસા તુફાન આયા
સંસાર મેરા બીખરને લગા યે (૨)
તેરી યાદ (મુજસે) ભુલને ન પાઈ
દીવાના દીલમેં તુંહીતું દીખાઈ (સચાઈ)
કહી સાલ મેં ને, આસુઓમેં ગુજારે
જીવનમેં મેરે એક મોડ આયા
તુજકો ભુલાકે શ્રીજીકો પાયા
કોશીશે મેરી અબ કામ આયા (૩)
બદલે મે મૈને શ્રીજીકો બીઠાયા
'શિવો હમ' 'શિવોહમ' કરને લગાહું
સંસારસે કહી દુર જાને લગાહું
સંસાર શાયદ ભુલાને ચલાહું
અપને આપકો મીટાને ચલાહું
'શિવોહમ' 'શિવોહમ' પાને લગાહું (૪)
નોંધ : તિરૂપતિ શ્રી બાલાજીને અર્પણ.

***'ચાંદશા', ચંદ્રકાંત શાહ (ચટઈ)***

## પ્રેમ તો

પ્રેમ તો વરસાદમાં ભીના થવાનું નામ છે,
રેત ઉપર ભીનાં પગલે ચાલવાનું નામ છે.
જિંદગીની એ હંસી-ખુશી બીજું તો કૈં નથી,
ટહુંકે ટહુંકે વૃક્ષને શણગારવાનું નામ છે.
આપણા સંબંધનુ સ્વચ્છ દર્પણ એટલે
આભ આખુંયે નજરમાં આંજવાનું નામ છે.
આજ તો વ્હેતા ઝરણનાં ગીતને તું ગાઈ લે!
કે જીવનનું ગીત તો ગાઈ જવાનું નામ છે.

***- શીરીષ પરીખ***

## પંચોતેરમે

કેટલી લાંબી મજલ તય કરી છે.
આમ તો ૭૫ : હેમંત-ગ્રિષ્મ-વર્ષા
કિંતુ
કેટલાં પગલાં પડ્યાં આ ધરાએ ?
શૈશવ, તારુણ્ય, પ્રૌઢી અને
પાનખરની અંતિમ યાત્રા...!

હજુ કલ્પવી કેટલી મજલ બાકી ?
વીતેલા પ્રલંબ પથ પર દ્રષ્ટિપાત
કરું છું ત્યારે-
કેટલા મુકામ, કેટલી કથા
આનંદ -ઉલ્લાસની,
વ્યથા જે કૈં મળી ના ઉરેધરી.
'ખોડંગાતી જતી આ ડમણી'
સરી રહી છે કિચુડ કિચુડ...
દૂર ક્ષિતિજને પેલે પાર
અનહદ્‌ના આરે પહોંચવાની મંશા,
ઊઠી રહ્યો છે આર્તનાદ ઉરગવ્હરે
ચાલ મુકામે, ના હવે સમય તને.

***-પ્રવીણ દેસાઈ***

## ગીત

કાનુડા વાત્યું તારી વર્ષોથી સાંભળી 'તી.
કેમેય ના માનતુ' તું મારું આ મંન,
રાસ તેં તો ખેલ્યો તો કાલિંદી કાંઠડે,
રાધા ને ગોપી ને ગોપ ગ્વાલ સંગે.

નાથ્યો તો કાળીનાગ યમુનાનાં નીરમાં,
મુખ મહીં માતાએ નિરખ્યું બ્રહ્માંડ !
ફોડી તી ગોપીઓની ગોરસ મટુકીઓ,
ચોર્યું તું માખણ સૌ બાલ-સખા સંગ.

મથુરાનાં લોક બધાં ત્રાસ્યાં જે રાજથી,
છોડાવવા માર્યો હતો મામો એ કંસ.

***- પ્રવીણ દેસાઈ***

---

જિંદગીની આ સફર, હસી-ખુશી થાશે પૂરી,
આવશે જ્યારે વિસામો, આયખું જાશે ખૂટી.

## અનંત ચૌદશ

મુંબઈની ગલીએ ગલીએ
આજે ગણપતિ બાપા બિરાજે
ગલીએ ગલીએ ને ચોરે ચૌટે
        મંડપ એના બંધાય
સુંદર શોભા મંડપની કરી
        એમાં ડિસ્કો લાઈટ મુકાવે
ભાદરવા સુદ ચોથને દિવસે
        વાજતે ગાજતે ગણપતિ લાવે
મુશક પર એની સવારી સાથે
        ગણપતિને મંડપમાં પધરાવે
કંકુ ચોખા છાંટી દૂર્વાને નાળિયેર ધરાવે
ભાવ ભરી આરતી ઉતારી
        મોદક ના થાળ ધરાવે
રિદ્ધિ સિદ્ધિના દાતા છે
        શિવજી ના પુત્ર કહેવાય
શુદ્ધિ બુદ્ધિના સ્વામી છે એ
ગૌરી પુત્ર કહેવાય છે
ગણપતિ બાપા મોરિયા
અડધુ લાડું ચોરિયા એમ
બાલ ગોપાલ સૌ ભેગા મળી ધૂન મચાવે.
ચોથ થી ચૌદશ સુધી
        એનો મહિમા મોટો ગણાય
અનંત ચૌદશે ગણપતીનું વિર્સજન કરી
        જય જય ગણપતિની બોલાવે
ગણપતિ બાપા મોરિયા
        અડધુ લાડુ ચોરિયા
પૂર્ચા વરસી લવકર યા
        નામની ધૂન મચાવે છે.

***- રૂપલ રજનીકાન્ત પરીખ (કાંદિવલી), (વડદલા વાળા)***

# સેવાભાવી -મૃદુભાષી નવનીતભાઈ ધારીઆ (માટલી)ની વિદાય...ફાયનલ અક્ઝીટ

*-પ્રવીણ દેસાઈ*

૧૫મી ઑગષ્ટ-સ્વાતંત્ર્ય દિનની સવારે આપણી સામાજિક સેવા-સંસ્થાઓને સમર્પિત નિષ્ઠાવાન કાર્યકરે ચિરનિદ્રાની સોડ તાણી, આપણી વચ્ચેથી અંતિમ વિદાય લઈ લીધી. વાત છે જેમના નામ આગળ સ્વ. શબ્દ મૂકવો પડે છે તે, નવનીતભાઈ સાકરલાલ ધારીઆ માટલીની.

હસતી, કામ કરતી અને સંસ્થાઓને દોરવણી આપતી વ્યક્તિ આમ અચાનક છબિની ફ્રેમમાં મઢાઈ જાય, ત્યારે એમની વિદાયથી હૃદય-મન ઘડીક ક્ષુબ્ધ બની જાય છે.

અમે સમવયસ્ક, છેલ્લાં ૩૦-૩૫ વર્ષનો સામાજિક કાર્યકરનો સંબંધ જેમ બહુધા બધા જ કાર્યકરો માટે આપણો સંઘ સામાજિક સેવાનું પ્લેટફોર્મ પૂરુ પાડે છે, તેમ નવનીતભાઈની સેવાયાત્રાનો આરંભ સંઘની પ્રવૃત્તિઓથી જ થયો. સંઘના સહમંત્રી ૧૯-૭૩,૭૪,૭૫ રહ્યો, મંત્રી તરીકે હક્કદાર પરંતુ એમને જોઈતા સાથી મંત્રી ન મળતાં પળનાય વિલંબ વગર મંત્રીપદ જતું કર્યું, સંઘ પણ છોડી દીધો. અલબત્ત એની પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા રહ્યા. ખજાનચી તરીકે પૂર્વે ૧૯૬૯-૧૯૭૨ ચાર વર્ષ અને નવા બંધારણના અમલ પછી ટ્રસ્ટી તરીકે ૧૯૮૧-૧૯૮૩ ત્રણ વર્ષ યોગદાન આપ્યું.

સંઘની એમની Exit કેળવણી મંડળને ફળી ૧૯૭૮-૭૯થી ૧૯૯૨-૯૩ પર્યંત એના મંત્રી રહ્યા. ત્યારબાદ ત્રણ વર્ષ ઉપ-પ્રમુખ અને ૧૯૯૯-૨૦૦૦થી ૨૦૦૧-૨૦૦૨ અને ૨૦૦૫-૦૬ થી જીવનના અંતિ કાળ ૨૦૦૭-૨૦૦૮ સુધી પ્રમુખ તરીકે સેવા આપી. દરમિયાન સ્વ. નટવરભાઈ કડકિયા (લટકારી)ની સેવાની નોંધ લઈ ત્રણ વર્ષ સ્વેચ્છાએ પ્રમુખની ખુરશી ખાલી કરી. નવનીતભાઈના પ્રમુખપદેજ કેળવણી મંડળે સુવર્ણ જયંતીની દબદબાભેર ઉજવણી કરી. ૧૯૭૮ થી ૨૦૦૮નાં ૩૦ વર્ષ પર્યંત કેળવણી મંડળમાં કામ કર્યું, અને પ્રમુખ તરીકે જ 'ફાઈનલ એકઝીટ' કરી સદાકાળ માટે નિવૃત્ત થઈ ગયા.

ઉપરોક્ત બે સંસ્થાઓ ઉપરાંત. ગામની અન્ય તમામ સંસ્થાઓને જાહેર અને જ્ઞાતિની એમની સેવાનો લાભ મળ્યો છે. મૂળથી જ ધાર્મિક વૃત્તિના. ધર્મપરાયણ વાતાવરણમાં જ એમનો ઉછેર. શ્રી બાલાસિનોર ગોકુલેશ સમાજમાં પણ એમણે કામ કર્યું.

માર્ચ મહિનામાં બાલાસિનોર હતા ત્યારે ભૂખ ન લાગવી કે ખાઈ ન શકવાની ફરિયાદ ડૉ શિવુભાઈને કરી પણ ત્યારે સમયના અભાવે યોગ્ય નિદાન ન થઈ શકયું. મુંબઈ આવી સંપૂર્ણ તપાસમાં કેન્સરનું નિદાન થયું. નવનીતભાઈએ જરાપણ અસ્વસ્થ થયા વગર પોતાના હસ્તકનાં બધાંજ કામ આટોપી લીધાં. કેળવણી મંડળનો આર્થિક વ્યવહાર, રોકાણો વગેરેની જવાબદારી જતીન દેસાઈને સોંપી દીધી. સ્વામી આનંદના શબ્દોમાં સામાન બાંધી, ટિકિટ લઈ અંતિમ મુસાફરી માટે ટ્રેઈનની રાહ જોતા હતા, અને ચાર મહિનામાં તો એમના માટે ટ્રેઈન આવી પણ ગઈ!

પોતાની અંતિમ ઈચ્છા દશમના શ્રાવણ-ભાદો 'હિંડોળાની'-પૂરી કરી. આ પ્રસંગે બાલાસિનોર જવા કૃતનિશ્ચય હતા પણ શરીરે યારી આપી નહીં. આ જ કારણે વિદેશની સફર પણ રદ કરવી પડી. હિંડોળાનો ઉત્સવ થઈ રહ્યો હતો ત્યારે આ લખનારે મોબાઈલથી એમને ઉત્સવની અનુભૂતિ શ્રવણ દ્વારા કરાવી ત્યારે ખૂબજ ભાવવિભોર અને આનંદિત થઈ ગયા હતા.

મારું કમનસીબ કે બહારગામ હોવાથી એમની અંતિમ યાત્રામાં ન જોડાઈ શક્યો, ન અંતિમ દર્શન પામ્યો. ૧૫મી ઑગસ્ટના આઝાદી દિને જ તેઓ સંસાર અને જગતથી આઝાદ થઈ ગયા. એક મિત્ર, સાથી કાર્યકર સાલસ-મૃદુ સ્વભાવના સ્વ. નવનીતભાઈને શોકાંજલિ અર્પી વિરમું છું. જ્યાં હશે ત્યાં શાશ્વત શાંતિમાં જ હશે એ શ્રધ્ધા સાથે.

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ
# શ્રીમતી મંજુલાબહેન નવનીતલાલ પરીખ (બખલી) પુરસ્કૃત
# વસ્તી પત્રક અંગે અગત્યની જાહેરાત

શ્રી બાલાસિનોર નવયુવક સંઘ તરફથી આ વર્ષે વસ્તી પત્રકની ૧૦મી આવૃત્તીનું પહેલવહેલા અંગ્રેજીભાષામાં પ્રકાશન આપ સૌના સાથ સહકારથી કરવાનું નક્કી કરેલ છે. આ અંગેની જાહેરાત અને તે અંગેના ફોર્મ દરેક જણને જ્યોતીપુંજ માધ્યમ દ્વારા મોકલવામાં આવ્યા છે. છતાં જે વ્યક્તિને આ ફોર્મ ન મળ્યા હોય તેઓ નીચેના સ્થળેથી ફોર્મ લઈ વહેલી તકે ભરી આપવા વિનંતી જેથી આ કાર્ય સફળતાથી પાર પડે.

બીજું આપણી છોકરી બહારની નાતમાં પરણી હોય તો તેનું અલગ ફોર્મ ભરવા વિનંતી તથા તેમા તેના પિતાનું નામ લખવું જરૂરી છે. આ ફોર્મ આ રીતે ભરવું

જેમકે ........Fathers Full Name (ખીજ)

ફોર્મ સ્વીકારવાની આખર તારીખ ૩૧-૧૦-૨૦૦૮ નક્કી કરવામાં આવી છે. પણ છેલ્લી તારીખની રાહ ન જોતા વહેલી તકે ફોર્મ ભરી આપવા વિનંતી.

ફોર્મ ભર્યા બાદ આપના કુટુંબમાં મરણ, લગ્ન અને કોઈપણ વિગતમાં ફેરફાર હોય તો તે અંગેનું બીજું ફોર્મ ન ભરતા તેની જાણ લેખીતમાં સંયોજકને જણાવવામાં આવતા તેનો અમલ કરવામાં આવશે.

જ્યોતિપુંજમાં મોકલાવેલ ફોર્મની ઝેરોક્ષ કોપીવાળા ફોર્મ તમે ભરીને આપશો તો પણ ચાલશે.

**ફોર્મ ભરીને નીચેના સ્થળોએ આપવા.**

1. **Shree Balasinor Navyuvak Sang,** 118/120, Ardeshir Dadi st., V.P. Rd., 2nd Floor, Mumbai -2 - Tel No. 23887006
2. **Chandresh Enterprise Corporation,** 17 Devkaran Mansion, Ground Floor, Phatak Wadi, Lohar chawl, Mumbai - 2
3. **Shah Engineering & Equipment Corpn.,** 64 Nagdevi Street, Gr. Floor, Mumbai - 3, Tel No. 23447382
4. **Ajay Pravinchandra Doshi,** B/2, Narshilpwani, Lallubhai Park Rd., Ext No 1, Irla (Ville Parle), Andheri (W), Tel No. 26203174
5. **Dilip Navnitlal Dharia,** 423 Vrajesh Apartment,, Bhadran Cross Road No 2, Mumbai - 64 . Tel NO. 28052212
6. **Gopal Ramanlal Kadakia,** 501. Gyan Darshan, S.V.P. Road, Near Municipal Garden, Kandivali (W), Mumbai 400067, Tel No. 28071406.
7. **Nilesh Navnitlal Shah**, C/24 Sardar Smruti, S.V.P. Road, Borivali (West).
8. Form can be downloded from www.balasinor.org & filled up forms can be email at vadsol@balasinor.org

***મંત્રી - મંજુલ શૈલેષ ધારિયા, સંયોજક- જસ્મીન બિપિન શેઠ(અત્તરવાલા)***

# SHREE BALASINOR NAVYUVAK SANGH

Published

**Smt. Manjulaben Navnitlal Parikh (Bakhali)** *Sponsored*

| Vasti Patrak No. of 2003 | KHIJ | **10th Edition** |
|---|---|---|

| Name<br>Surname Middle Father | Cell No. | Date of Birth | Marital Status | Male/ Female | Blood Group | Education | Occupation | Residence Address | Business Address |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | | |
| | | | | | | | | | |
| | | | | | | | | | |
| | | | | | | | | | |
| | | | | | | | | | |
| | | | | | | | | Tel. No. ____ / ____ | Tel. No. ____ / ____ |
| | | | | | | | | Fax No. ____ / ____ | Fax No. ____ / ____ |
| | | | | | | | | Email ____ | Email ____ |
| | | | | | | | | Email ____ | Email ____ |
| | | | | | | | | Email ____ | Email ____ |
| | | | | | | | | Email ____ | Email ____ |
| | | | | | | | | Balasinor Tel. No. ____ | Web ____ |
| | | | | | | | | MAXIMUM TWO RESIDENCE NO. | MAXIMUM TWO OFFICE NO. |

Form to be filled in English only.

Note : Mention Designation of Professional Degree.


**JASMINE B. SHETH (ATTARWALA)**
(Convener)
Cell : 98208 30060 / 92233 80156

**MANJUL S. DHARIA**
(Secretary)
Cell : 98201 35014

**PRADIP P. KADAKIA**
(President)
Cell : 98193 89484


**Form Filled by :** ____________________

**Contact No.** ____________

____________
**Signature**

## વસ્તી પત્રક પ્રકાશન અંગે

**Rate of Advertisement are as under**

| | | Rs. |
|---|---|---|
| 1) | Back Page | 50,000/- |
| 2) | Inside Back Page No B | 25,000/- |
| 3) | Inside Back Second Pg. B | 20,000/- |
| 4) | Inside Back Third Page B. | 15,000/- |
| 5) | Front Cover Page Inside | 25,000/- |
| 6) | Inside Front Second Page | 20,000/- |
| 7) | Inside Front Third Page | 15,000/- |
| 8) | Full colour Page | 7,000/- |
| 9) | 1/2 Page Cover B. | 4,000/- |
| 10) | Strip adv. of (only 1 per person) | 500/- |

*Convenor-Jasmine Bipin Sheth (Attarwala)*
*Secretary - Manjul Shailesh Dharia*
*President - Pradip Pravinchandra Kadakia*

## શ્રી બાલાસિનોર કેળવણી મંડળ

ઉપયુંક્ત મંડળની કાર્યવાહક સમિતિની એક સભા શુક્રવાર તા. ૯-૫-૨૦૦૮ના દિને સાંજે ૭ વાગે શુભદ્રાબેન નવીનચંદ્ર શાહ-કલકત્તાવાળા, સભા ગ્રહ પ્રગતિ સમાજ કાર્યાલય ખાતે શ્રી નવનીતલાલ સાંકરલાલ ધારીઆના પ્રમુખસ્થાને મળી હતી.

સદર સભામાં વર્ષ ૨૦૦૮-૦૯ માટે ફારેગ થતા પ્રમુખશ્રી તથા નીચેમુજબ અન્ય પાંચ સભ્યો માટે ઉમેદવારીપત્રકો મંગાવવા નિર્ણય લેવામાં આવ્યો. વર્ષ ૨૦૦૭-૨૦૦૮નો અનઑડિટેડ હિસાબ ખજાનચી ભદ્રેશ ધારીઆએ રજૂ કર્યો હતો. આ માટેનો પરિપત્ર સભ્યોને મોકલવામાં આવશે.

પ્રમુખ :: શ્રી નવનીતલાલ સાંકરલાલ ધારીઆ (માટલી) સભ્યો :-

(૧) શ્રી રમેશ મોહનલાલ દેસાઈ (મેનપુરાવાળા)
(૨) શ્રી ચંદ્રકાન્ત ચીમનલાલ દેસાઈ
(૩) શ્રી ભદ્રેશ પ્રવીણચંદ્ર ધારીઆ (લાલખાં)
(૪) શ્રી સતીશ ભીખાલાલ પરીખ (રોકડીયા)
(૫) શ્રી મણીકાન્ત છોટાલાલ કડકીઆ

આ સિવાય પી.વી. વિદ્યાલયના 'બે વર્ગ ખંડ માટે પ્રત્યેકના રૂા. પાંચ લાખ માટેના દાન અંગે જાહેર અપીલ કરવા સર્વસંમતિથી નક્કી કરવામાં આવ્યું.

*- જતીન દેસાઈ, ચંદ્રકાન્ત દેસાઈ, મંત્રીઓ*

## જ્યોતિપુંજના નવા મેઈલીંગ એડ્રેસ માટે અગત્યની સુચના

જે પણ સભાસદ ભાઈ બહેનોને જ્યોતિપુંજ નવા સરનામે જોઈતુ હોય તેઓને વિનંતી કે પ્રકીર્ણ વિભાગ ઉપરાંત આ મુજબની સુચના નવા તથા જુના એડ્રેસ તથા સભાસદ નંબર અથવા વસ્તી પત્રક ક્રમાંક નંબર સાથે પ્રગતિ સમાજની ઓફિસમા સોમ થી શનિ ૪ થી ૬ દરમ્યાન કિર્તી હીરાલાલ કડકીઆ અથવા સમીર જયેન્દ્ર ગાંધી- નિકોશી ટ્રેડીંગ કું., ૧૨/૫, કારમેલોસ બિલ્ડીંગ, પહેલે માળે, ૬૩/૬૭ પાઠક વાડી, લોહાર ચાલ, મુંબઈ-૨. ફોન : ૨૨૦૬૦૨૯૪ /૨૨૦૩૮૦૭૭ Email.nikoshi@vsnl.com ને મોકલવાનું રહેશે આ સિવાય કોઈ પણ મૌખિક સુચના સ્વીકારવામાં આવશે નહી.

*- મંત્રી- મંજુલ ધારીઆ, તંત્રી -નીખીલ પરીખ*

# સ્વ. નવનીતભાઈ ધારિયા (માટલી)ને આપણી સામાજિક સંસ્થાઓની શ્રદ્ધાંજલિ

ગુરુવાર તા. ૨૮-૮-૨૦૦૮ના દિને સાંજે ૬.૦૦ કલાકે મુંબઈવાસી વતન બાલાસિનોરના નાગરિકોની મળેલી શોકસભામાં સદ્‌ગતને શ્રધ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજની રાહબરી હેઠળ અન્ય ૧૧ જેટલી સંસ્થાઓના સહયોગથી આ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રમુખસ્થાન શ્રી રસિકલાલ રમણલાલ કડકિયાએ સંભાળ્યું હતું.

પ્રારંભમાં શ્રી કિશોર મનરાજા અને એમના ગાયકવૃંદ દ્વારા ભક્તિ ગીતો રજૂ કરવામાં આવ્યા. ઠીક ૭.૧૫ના સમયે સભાનું સંચાલન કરતાં પ્રગતિ સમાજના પ્રમુખ શ્રી યોગેશ ધારીઆએ સભાનો પ્રારંભ કર્યો. યોગેશભાઈએ સ્વર્ગસ્થના પ્રગતિ સમાજને આપેલ સેવાકાર્યોનો ઉલ્લેખ કરી પોતાનાં સંસ્મરણો રજૂ કર્યા હતાં પીઢ અને વડીલ કાર્યકર શ્રી મોહનભાઈ પરીખે ગામની બધીજ સંસ્થાઓમાં સ્વ. નવનીતભાઈએ આપેલ સેવાનો ઉલ્લેખ કર્યો અને એમની કાર્ય કરવાની ધગશને બિરદાવી હતી.

નવનીતભાઈ અવસાન સમયે શ્રી બાલાસિનોર કેળવણી મંડળના પ્રમુખ હતા. ઉપ-પ્રમુખશ્રી પ્રવીણ દેસાઈએ સદગત્ સાથે ૩૦ વર્ષના કાર્યકર્તા તરીકે સંબંધોની રજૂઆત કરતાં એમના વ્યક્તિત્વના કેટલાંક પાસાઓને ઉજાગર કર્યા હતાં. કેળવણી મંડળને સતત ત્રીસ વર્ષ સુધી એમની સેવાનો લાભ મળ્યો તેની તથા તેમની ધર્મ પ્રત્યેની પ્રીતિનો ખાસ ઉલ્લેખ કર્યો.

પ્રમુખસ્થાનેથી બોલતાં શ્રી રસિકભાઈ કડકિયા એ નવનીતભાઈ સાથેના સંસ્મરણો વાગોળતાં છેક શાળા સમયથી-કોરોનેશન હાઈસ્કૂલથી, એમના દેહવિલય સુધીના પોતાના સંબંધોની કેફિયત વર્ણવી સેવા માટેની એમની ધગશ અને પ્રતિબદ્ધતાનો સવિશેષ ઉલ્લેખ કર્યો.

સ્વર્ગસ્થના પૌત્ર નીલેશ ધારીઆએ ભાવવિભોર શબ્દોમાં તમામ સંસ્થાઓએ નવનીતભાઈ માટે આયોજિત આ શોકસભા માટે આભારની લાગણી વ્યક્ત કરી હતી. સ્વર્ગસ્થના, દાદાજીના લાગણીભર્યા સંબંધોની વાત કરી એમની બેસવાની, સૂવાની જગા હવે ખાલી થઈ ગયાની વ્યથા રજૂ કરી.

ઉષાબેન ધારીઆએ મોકલેલ શ્રધ્ધાંજલિ કાવ્ય વાંચી અંતમાં સ્વર્ગસ્થને શ્રધ્ધાંજલિ અર્પતો શોક ઠરાવ રજૂ કરી, બે મિનિટનું મૌન પાળી સભા સંપન્ન થઈ હતી.

## મૃત્યુ એટલે...

- પહેલા શ્વાસથી અંતિમ શ્વાસ સુધીની સફર.
- એક ઓરડામાંથી બીજા ઓરડામાં જવાની ક્રિયા.
- જેના આગોશમાં શાંત અને સ્વપ્ન થઈ શકીએ એવો પરમ સખા-મિત્ર.
- સામાન બાંધી, ટ્રેઈનના આવાગમનની પ્રતીક્ષા કરતો, પ્લેટફોર્મ પર ઉભેલો મુસાફર.

## નવનીતભાઈ (માટલી) ધારીયાને અંજલી ...

'સૂર્યાપતિ' 'નવનીત' નામ જેનું
રંગરૂપ શામળિયા જેવું
જ્ઞાતિજનમાં નામ ઉંચું
સાંચી સમજણથી જીવન જીત્યું
વિભુષણ ધયું દયામાયાનું
સેવાના તાણેવાણે વણાયુ
'નવનીત માટલી' નામ હુલામણુ
ભાષા મીઠી, નામ મીઠું
'માવાના દૂષણથી ઘેરાયું
બીહામણુ કેન્સર લઈ આવ્યું
નામ એનો નાશ એ વિદિત બ્રહ્માડનું
પ્રભુ દરબારે પ્રાણ પંખેરૂ લઈ ઉડયું
ને..ને..સૌના હૃદયને રૂલાવી ગયું
પ્રભુ આપજે શરણુ સાંચી શાંતિનું
એજ પ્રાર્થના કરી આતમરામને વંદુ

*- ઉષા એસ.ધારીયા.*

## બાયબાયટુ બાયપાસ ભાગ (૨)

૨૦૦૭ના ઑક્ટોમ્બર માસના જ્યોતિપુંજના પાના નં ૨૮-૨૯ પર આપેલા લેખના અનુસંધાનમાં ટી.વી.ની. આસ્થા ચેનલ તથા મુંબઈ મીરર જૂન ૬, ૨૦૦૮ના પાના નં. ૩૦ ના આધારે આ લેખ લખુ છું જે આપણી યુવા પેઢીને ઉપયોગી થશે.

(૭) લોમ અનુલોમ અથવા નાડી શોધન. જેનુ મુખ્ય કાર્ય જે માર્ગે જીવનશક્તિ વહે છે તેના માર્ગમાં આવતા અવરોધોને દૂર કરી ફેફસાંની શક્તિને વધારવી. શ્વાસોશ્વાસનો દર ધીમો કરે છે અને મગજ શાંત થાય છે દીર્ઘ શ્વાસ લેવાથી શરીરના દરેકભાગમાં ભરપૂર પ્રાણવાયુ પહોંચે છે. અને ઉચ્છશ્વાસથી શરીરમાંનો નકામો કચરો બહાર નીકળે છે. પ્રાણાયામનો અર્થ શરીરની આંતરિક જીવનશક્તિ ઉપર કાબુમેળવવો. જેના પરિણામે શરીર, મગજ, અને કાર્ય કરવાની શક્તિ પર સારો પ્રભાવ પડે છે. મૂત્રપિંડો, કલેજુ, જઠર, બરોળ આંતરડાં અને ચામડી અને આ દરેક અવયવોમાં લોહીનું ભ્રમણ સારી રીતે થાય છે. ઊંડાં અને ધીમા શ્વાસોશ્વાસ હૃદય અને ફેફસાંની કાર્ય કરવાની શક્તિ વધારે છે. આ ઉપરાંત જ્ઞાનતંત્ર મજબૂત થાય છે. અને ચિંતા, તનાવ અને લોહીના ઊંચા અને નીચા દબાણમાં ખૂબજ રાહત થાય છે.

(૮) યોગિક શ્વાસોશ્વાસ એટલે કે સંપૂર્ણ શ્વાસોશ્વાસની ક્રિયા. જેમાં શ્વાસ લેતી વખતે (૧) સૌથી નીચેના પેટના અવયવોના સ્નાયુઓ (૨) મધ્યમના છાતીના ભાગના હૃદય અને ફેફસાંના સ્નાયુઓ અને (૩) ગળાના અને ઉપરના સ્નાયુઓનો ઉપયોગ થાય છે. અને શ્વાસ બહારકાઢતી વખતે (૧) ગળાના સ્નાયુઓ (૨) છાતી અને હૃદય તથા ફેફસાંના સ્નાયુઓ અને (૩) પેટના અવયવોના સ્નાયુઓનો આ ક્રમમાં ઉપયોગ કરવો જોઈએ.

(૯) કપાલ ભાતી :- કપાલનો અર્થ મસ્તક અને ભાતી નો અર્થ શુદ્ધ કરવું. આ પ્રાણાયામમાં ઊંડો શ્વાસ લઈ અને તેમાંથી થોડો થોડો પેટના હલનચલન દ્વારા મોઢું બંધ રાખી ને ઝડપથી ઉચ્છશ્વાસ કાઢવો. જેથી નાકની નળીઓનો માર્ગ શુદ્ધ અને ચોખ્ખો થાય છે. આનાથી પ્રાણવાયુ અને લોહીનું ભ્રમણ માથાના ભાગમાં વધારે થાય છે. અને પેટના સ્નાયુઓ મજબૂત થાય છે, પાચનશક્તિ વધે છે. અને મલવિસર્જન સારી રીતે થાય છે.

(૧૦) ભ્રામરી :- ભ્રામરીનો અર્થ મધમાખી થાય છે. આમાં ઉચ્છશ્વાસનો અવાજ માદા ભ્રમરીના ગણગણવા જેવો થાય છે. બંન્નેકાનમાં અંગુઠા ભરાવી દેવા અને ઊંડો શ્વાસ લેવો અને મુખબંધ રાખી નાકપર ટચલી આંગળી ઓવડે સહેજ પોચુ દબાણ આપી ભ્રમરીના ગણગણવા જેવા અવાજ સાથે ઉચ્છવાસ નાક દ્વારા બહાર કાઢવો.આ ક્રિયાથી મગજના કોષોને પોષણ મળે છે. અને કોષો શાંત થાય છે અને જ્ઞાન તંતુઓ સરળ થાય છે. અને અનિંદ્રા દૂર થાય છે.

અંતમાં ઉપર જણાવેલ બધાજ પ્રકારના પ્રાણાયામ કરવા જરૂરી છે. પરંતુ ન કરી શકાય તો લોમ અનુલોમ અને કપાલભાતી પંદર પંદર મીનીટ કે તેથી વધુ સમય માટે અનુકૂળતા પ્રમાણે આપણી યુવાપેઢી કે વડીલ વર્ગ પણ જરૂરથી કરશે અને સ્વાસ્થય સુધારશે એજ આશા.

*-લી. હીરાલાલ મણીલાલ પરીખ (ડાબલી)*

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

પુસ્તક સમિતિનો સમય રવિવારે સવારે ૯.૩૦ થી ૧૧.૩૦ નો રહેશે. પુસ્તકો મેળવવા ઈચ્છતાં વિદ્યાર્થીઓ નોંધ લે.

*- સંયોજક - જગદીશ શાંતિલાલ પરીખ*

*- મંત્રી - મંજુલ શૈલેષ ધારીઆ*

પાનું - ૧

# શ્રી વાડાસિનોર દશાનિમા નવયુવક મંડળ
# અને
# શ્રી વાડાસિનોર દશાનીમા નવયુવક મંડળ મેડીકલ ટ્રસ્ટ

**શ્રી નગીનદાસ લાલચંદ પારેખ કાર્યાલય,**
૮/૯, મહેતા હાઉસ, બીજે માળે, પંડિતા રમાબાઇ રાનડે રોડ, મુંબઇ-૪૦૦ ૦૦૭. ફોન : ૨૩૬૭ ૦૧૬૯

**સભ્યો, દાતાઓ અને બાલાસિનોરવાસીઓ,**
**જ્યોતિપુંજનાં ગયા અંકમાં જણાવ્યા મુજબ ફરી એકવાર આપની જાણ ખાતર.**

## દાતાઓનો સન્માન સમારંભ તથા વાર્ષિક સામાન્ય સભા

ઉપરોક્ત સંસ્થાઓનાં દાતાઓનો સન્માન સમારંભ તા ૨૧ મી સપ્ટેમ્બર ૨૦૦૮ નાં રોજ યોજવામાં આવેલો છે. દાતાઓનાં નામો નીચે મુજબ છે.

૧) મધુકાન્તા નગીનદાસ લાલચંદ પારેખ ચેરીટેબલ ટ્રસ્ટ
૨) શ્રીમતી કલ્પના અરવીંદ ઘારિયા (કુણીવાળા)
૩) શ્રી પરાગ સતીશચંદ્ર પરીખ (રોકડિયા)
૪) શ્રી જીતેન્દ્ર ચીમનલાલ કડકીઆ (બનડા)
૫) શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

## કાર્યક્રમની રૂપરેખા નીચે મુજબ છે

| | | |
|---|---|---|
| તારીખ અને સમય | : | રવિવાર, ૨૧મી સપ્ટેમ્બર ૨૦૦૮<br>સવારે ૯.૦૦ કલાકે |
| સ્થળ | : | રામા વાટુમલ ઓડીટોરીયમ, કે.સી.કોલેજ, ચર્ચગેટ, મુંબઇ - ૨૦. |
| અલ્પાહાર | : | સવારે ૯.૦૦ થી ૯.૩૦ સુધીજ |
| સંગીત પ્રોગ્રામ | : | રીમા દેસાઇ અને સાથીઓ<br>સવારે ૯.૩૦ થી ૧૦.૧૫ સુધી. |
| દાતાઓનો સન્માન સમારંભ | : | સવારે ૧૦.૩૦ થી ૧૧.૩૦ સુધી |
| મંડળ તથા મેડીકલ ટ્રસ્ટની વાર્ષિક સામાન્ય સભા | : | ૧૧.૩૦ થી ૧૨.૪૫ સુધી |
| સ્વરૂચિ ભોજન | : | બપોરે ૧ વાગ્યાથી |

# શ્રી બા.ન. સંઘ સંચાલિત
# શ્રીમતી શાંતાબેન કાંતિલાલ દોશી પુરસ્કૃત મહિલા વિભાગ

તારીખ ૧૮મી ઑગષ્ટ સોમવારે મહિલા વિભાગ દ્વારા લાડની વાડીમાં શ્રાવણ માસ નિમિત્તે બપોરે ૩.૦૦ વાગે સત્સંગનું આયોજન કરવામાં આવ્યું હતું. પુષ્ટિમાર્ગ ભાવાત્મક છે. જેમ શરીરના પોષણ માટે ખોરાક આવશ્યક છે તેમ આત્માના પોષણ માટે સત્સંગ જરૂરી છે. સત્સંગને કારણે સેવા માત્ર ક્રિયારૂપ ન બનતા ભાવપૂર્ણ બને છે.

સરોજબેન કચેરીયાના માર્ગદર્શન હેઠળ સહુ વોલિંટીયર્સ બહેનોએ મળી ૧.૦૦ થી ૨.૩૦ ના ગાળામાં વિવિધ પ્રકારના અગિયાર હિંડોળા ભરી સુંદર સજાવટ કરી હતી. કાર્યક્રમની શરૂઆત શ્રીમતી ઉર્મિલાબેન વોરા તથા તેમની બહેનોએ જન્માષ્ટમીની વધાઈઓ ગાઈ કરી હતી. પૂજ્યપાદ કાલિંદીબેટીજી માટે ફૂલની કુંજ બનાવવામાં આવી હતી, જેમાં બિરાજી જે જે એ વચનામૃત કર્યા હતા. કાલિંદીબેટીજીએ સરળ ભાવયુક્ત, દીનતાપૂર્ણ વાણીમાં વિવિધ પ્રકારના હિંડોળાનો ભાવ વૈષ્ણવોને સમજાવ્યો હતો. આપશ્રી ૧૮મી તારીખે સવારે જ અમદાવાદથી મુંબઈ આવી, સત્સંગમાં પધાર્યા હતા.

પૂજ્યપાદ કાલિંદીબેટીજીને તેમના મુકામેથી લાડની વાડીમાં પધરાવી પાછા મુકામે પહોંચાડવાની કામગીરી તેજસ હેમેન્દ્ર શાહ (ચકવા) એ બજાવી હતી. કાર્યક્રમ બાદ જે જે ના પ્રસાદની વ્યવસ્થા મોના તન્નાએ કરી હતી. કમલેશ મહેતાએ પૂજ્યપાદ કાલિંદીબેટીજી તથા ઠાકોરજીના બે સ્વરૂપના ફૂલના માળાજી બનાવ્યા હતા. દીપીકા ગાંધીએ ઠાકોરજી માટે સામગ્રી સિદ્ધ કરી હતી. સમિતિની બહેનો તથા વોલિંટીયર્સ બહેનોએ મળી ફરાળી પ્રસાદ (અમુલ મિલ્કના ટેટ્રાપેક, કાજુપુરી, ફરાળી ચેવડો તથા ફરાળી પેટીસ) ના પેકેટસ બનાવ્યા હતા.

મહિલા વિભાગને એક બહેને રૂા. પાંચ હજાર તથા બીજા એક બહેને રૂા. બે હજાર સત્સંગના આયોજન માટે આપ્યા હતા. મહિલા વિભાગ બન્ને બહેનો, તેમના કુટુંબીજનોનો તથા સત્સંગના આયોજનમાં સેવા આપનાર સહુ વોલિંટીયર્સ બહેનોનો હૃદયપૂર્વક આભાર માને છે. જે બહેનોએ પોતાના હિંડોળા લાવી વિવિધ પ્રકારે સજાવ્યા હતા તેમને તથા જેમણે સત્સંગના આયોજનમાં મહદ્ સેવા આપી હતી તેઓને મહિલા વિભાગ તરફથી પ્રસાદીરૂપે સેવામાં ઉપયોગમાં આવે એવાં બે પ્લાસ્ટિકના ડબ્બા આપવામાં આવ્યાં હતાં.

કાલિંદી બેટીજીના પ્રવચનને અંતે સહુના ચહેરા પર કશુંક નવીન જાણ્યાનો અવર્ણનીય આનંદ છલકાતો હતો. હિંડોળાના દર્શન આપણે દર વર્ષે કરીએ છીએ તથા હિંડોળા પણ પ્રેમથી ઝુલાવીએ છીએ પણ જો ભાવ સમજીને હિંડોળા ઝુલાવીએ તો એનો આનંદ અનેરો હોય. પૂજ્યપાદ કાલિંદીબેટીજીએ તમામ પ્રકારના હિંડોળાનો જે ભાવ સમજાવ્યો હતો એ અમે જ્યોતિપુંજના વાંચકો માટે આ જ અંકમાં અન્યત્ર આપેલ છે.

## -: નવરાત્રિનો કાર્યક્રમ :-

**તારીખ** : ૧૮ ઑક્ટોબર ૨૦૦૮, શનિવાર
**સમય** : બપોરે ૨.૩૦ કલાકે
**સ્થળ** : હાલાઈ લોહાણા મહાજનવાડી, A.C. Hall, ૨ જે માળે (લિફ્ટ), સી. પી. ટેન્ક.

નવરાત્રિના ગરબા રાસનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ઉંમર પ્રમાણે ગ્રુપ બનાવી દરેક ગ્રુપમાં (૧) Best Performance તથા (૨) Best Dress માટે ઈનામો આપવામાં આવે છે.

અમને જણાવતા આનંદ થાય છે કે આ કાર્યક્રમ માટે મહિલા વિભાગને શ્રીમતી તરુબેન કિરીટભાઈ મોદી તરફથી રૂા. દસ હજાર આપવામાં આવ્યા છે. લ્હાણીનો કોન્સેપ્ટ આ વખતે ચેન્જ કરીએ છીએ. લ્હાણી માટે રૂા. પાંત્રીસ ભરવાના રહેશે. જેમ રમત-ગમતના કાર્યક્રમમાં સહુને કાચના જગ આપવામાં આવ્યા હતા એજ રીતે રોજીંદા જીવનમાં ઉપયોગમાં આવે એવી વસ્તુ પાસ લેનારને આપવામાં આવશે. જેમાં મહિલા વિભાગ પણ પૈસા ઉમેરશે.

લ્હાણીના પાસ રૂા. પાંત્રીસ લઈ તથા નાસ્તાના પાસ રૂા. વીસ લઈ તારીખ ૧.૧૦.૨૦૦૮, બુધવારે બપોરે ૩.૦૦ થી ૫.૦૦માં સંસ્થાની ઓફિસમાં આપવામાં આવશે. બાળકો માટે પણ નાસ્તાના પાસ લઈ શકાશે.

**તા. ક.** : લ્હાણી માટે સભ્ય કાર્ડ લાવવું જરૂરી છે.

## -: દિવાળી સ્નેહ સંમેલનનો કાર્યક્રમ :-

આ કાર્યક્રમની અધિક માહિતી આગામી અંકમાં તથા નવરાત્રિના કાર્યક્રમમાં આપવામાં આવશે.

અમને જણાવતા અતિ આનંદ થાય છે કે મહિલા વિભાગના આમંત્રણને સહર્ષ સ્વિકાર કરી મધુબેન બાબુલાલ દેસાઈ (પેઢીવાળા) એ આપણા સ્નેહસંમેલનના મુખ્ય મહેમાન બનવાનું સ્વિકાર્યું છે એ બદલ મહિલા વિભાગ મધુબેન તથા તેમના કુટુંબીજનોનો હ્રદયપૂર્વક આભાર માને છે.

*- મિનોતી શાહ - સંયોજક, મહિલા વિભાગ*

## પૂજ્ય પાદ કાલિંદી બેટીજીના વચનામૃત : વિવિધ પ્રકારના હિંડોળા તથા તેના ભાવ

પુષ્ટિમાર્ગમા દરેક વાત ભાવથી થાય ક્રિયાથી નહી. ક્રિયા અપશુકનમાં થાય. વિધિ સગુનમાં થાય પણ જ્યાં ન સગુન કે અપશુકન હોય ત્યાં ચેષ્ટા થાય. ભાવની ચેષ્ટા થાય. 'સંભોગ કી ચાલુ ક્રિયા વો હીંડોલા' આ શબ્દને આપણે જુદા angle થી જોવાનો છે. હિંડોળામાં આપ અને લે ની ચેષ્ટા નેત્રોથી થાય છે. આ ચેષ્ટા નિર્ગુણ છે. ઠાકોરજી અને પ્યારીજીના નેત્રોનો સમાગમ એટલે હિંડોળા. હિંડોળા વિવિધ પ્રકારના હોય છે.

**સુરંગ હિંડોળા** : આખો લાલ કાષ્ઠનો હિંડોળો એટલે સુરંગ હિંડોળો. આ હિંડોળામાં કાષ્ઠના હિંડોળા પર લાલ વસ્ત્ર લપેટવામાં આવે છે. પ્રથમ દિવસે અને જે દિવસે હિંડોળા વિજય થાય એ દિવસે સુરંગ હિંડોળો હોય. સુરંગથી શરૂ થાય એટલે શ્રી યમુનાજીના ભાવથી શરૂ થાય. રસરૂપ યમુનાજી પ્રભુના હ્રદયમાં બિરાજે છે. આપણું હ્રદય જેટલું રસિક હોય એટલી જ વાણી નેત્રના હાવભાવ પણ રસિક હોય. આપણી દરેક વાતે રસિકતા છલકાય. જો આપણી પાસ હાવ હોય, ભાવ હોય અને રસિકતા હોય તો હિંડોળા ઝુલાવવાનો આનંદ આવે. યમુનાજી રસરૂપ છે. હ્રદયમાં જ્યારે રસરૂપ ભાવનો સ્ત્રાવ થાય એને સુરંગ હિંડોળા કહેવાય.

**શાકભાજીના હિંડોળા** : આ હિંડોળા પુલિંદીજીના ભાવથી આવે. પુલિંદી એટલે ભીલ. ભીલ એટલે ભોમિયા. પ્રભુ સાથે નજર મેળવીએ ત્યારે આ નજરનો કયા પ્રકારનો પડઘો પ્રભુ પર પડશે એનું ધ્યાન ભોમિયાને હોય. ભોમિયો એટલે રાત દિવસ નિકટ રહેનારો. એ રગરગને ઓળખતો હોય. શાકભાજીના હિંડોળા કલાત્મક હોય છે. ભોમિયો એટલે શાકભાજીની કલાકારીના ભોમિયા. આપણે આપણા અંતઃકરણના ભોમિયા બનવું જોઈએ.

**ફળફૂલના હિંડોળા** : માર્ગનું ફળ વૈષ્ણવ છે

અને વૈષ્ણવનું સ્વરૂપ વિરહ છે. વિરહ આપણને થાય છે કે નહી? ફળ આવે એટલે રૂંવાડા ખડા થઈ જાય. ઠાકોરજી આપણા સર્વસ્વ છે. ફળ આપણા કર્મોના નહી પણ ભાવના સેવાના કૃપાના હોય. ઠાકોરજીનું હૃદય ખૂબ કોમળ છે. માટે ઠાકોરજી સાથે એવી વાણી બોલવી કે એને Touch કરે અને પ્રભુના મુખ પર મુસ્કાન આવી જાય. હિંડોળા ફળનો છે. દૃષ્ટિ ફળ છે. દૃષ્ટિ જ્યારે વૃક્ષ પર પડે ત્યારે સૌથી પહેલા ફળ દેખાય અને જો એ ફળને દેનારની દૃષ્ટિ આપણા પર લાગી જાય તો એ ફળ કેવું હોય? સંયોગ અને વિપ્રયોગ ફલરૂપ છે. ફળ નિર્ગુણ તત્ત્વ છે, સ્વતઃ કૃપાથી થાય છે.

**ફૂલ** : હિંડોળો વ્રજભક્તોના ભાવથી આવે. વ્રજભક્તોનો ફળ (ઠાકોરજી) પ્રાપ્ત છે. સેવાનું ફળ સેવા છે. સેવા ઠાકોરજીની કરવી અને ઠાકોરજી જ ફળરૂપ છે. વ્રજભક્તોએ જેવી પ્રીતી પ્રભુ સાથે કરી એવી પ્રીત આપણે નથી કરી શકતા. આરતી ઉતારીએ એટલે તાપ નિવૃત્ત થાય. માટે આરતી લેવાય નહી. ઉત્સવ પર તેમજ જ્યારે ઠાકોરજીના શૃંગાર ખૂબ સુંદર હોય ત્યારે રાય લૂણ થાય. જ્યારે આરતી ઉતારીએ ત્યારે સાતવાર સાત બલાઓના નામથી ઉતારવી ત્યાર પછી ત્રણ વાર શ્રી મહાપ્રભુજી, શ્રી યમુનાજી તથા શ્રીનાથજી એ ત્રણે નિર્ગુણ સ્વરૂપ છે, એ રસની નજર ઉતારીએ કે એ રસને નજર ન લાગે. વ્રજભક્તોએ પ્રભુ રૂપી ફળ પ્રાપ્ત કર્યા છે. માટે જ્યારે આરતી ઉતરે ત્યારે વ્રજભક્તોના તાપની તપિષ્ટને લેવાની પછી હાથ જોડવા કે આ વ્રજભક્તો જેવો તાપ અને ક્યારે સિદ્ધ થશે. ફૂલને પણ વિરહ હોય છે. આપણે ઘરમાં ફૂલની સમયની અછતને લીધે એક જ માલાજી ધરાવીએ છીએ. શ્રીનાથજીમાં એક વાર માલાજી ધર્યા પછી બીજી વાર ન ધરાય. ફૂલ પહેલા ફૂલઘર પહોંચે ત્યાં એને કેટલાયના હાથ લાગે. કોઈપણ ઋતુ હોય ફૂલઘરમાં પંખો ન હોય. પંખાને લીધે ફૂલ કરમાઈ જાય. આમ ફૂલને માત્ર તાપ જ સહન કરવો પડે છે. સોઈથી આરપાર વિંધાઈ જવુ પડે છે. ફૂલનું હૈયું વિધાય છે. એનું હૈયુ કોમળ છે પણ શ્રીનાથજીના નામથી વિંધાય છે. માટે કાંઈ થતુ નથી. એક વ્રજની ગોપીને હૈયામાં ફાંસ લાગી. બીજી સખી કહે છે ‘અરી સખી ફાંસ નિકાલ દું? ગોપી કહી છે ‘રહેને દે ને તેરો કા જાતા હૈ’’ કૃષ્ણરૂપી ફાંસ જેને લાગે એ કદી ન નિકળે. કૃષ્ણરૂપી ફાંસ વ્રજભક્તોના ફૂલોને લાગી. માળાજી સ્વરૂપે પ્રભુએ ફૂલોને હૈયે લગાડયા. એકવાર ઠાકોરજીને માળાજી ધરાવે પછી શૃંગારના દર્શન ખૂલે. ઠાકોરજીને દર્પણ દેખાડાય ત્યારે વ્રજભક્ત પોતાને દર્પણમાં જોય છે કે હું કેવો શોભી રહ્યો છું? પછી દર્પણ મુકાઈ જાય, ટેરો આવે, માળા વડી થાય પછી એ માળાજી બીજી વાર ન ધરાય. એકવાર પ્રભુનો અંગ સંગ કરી પછી અડવાય ન મળે. આમ ફૂલ કેટલો મોટો વિરહ કરે છે. વ્રજભકતોના વિરહતાપનું ફળ એટલે ફળ - ફૂલનો હિંડોળો. સંયોગ હંમેશા સુખ અને વિરહ ફળ આપે.

**કાચના હિંડોળા** : ઠકુરાણી ત્રીજના દિવસે યમુનાજીના ભાવથી કાચના હિંડોળાઆવે. સુરંગ હિંડોળો એટલે રસનું ઉદભવ થવાનું સ્થાન અને એ રસનું દર્શન એટલે કાચનો હિંડોળો. આપણે આપણા અંતઃકરણમાં પોતાને જોવાનું છે કે આપણે પ્રભુની કેટલા નજીક છે. ઠાકોરજી અને સ્વામીનીજી એમના નેત્રોની આપલે કરે છે. આમ હિંડોળો એ માત્ર ઠાકોરજી અને પ્યારીજીના નેત્રોનો સમાગમ છે. આપણું અંગે અંગ વૃંદાવન સંપત્તિ છે એ સંપત્તિને કાચના હિંડોળામાં નિહાળવી. કાચનો હિંડોળો એટલે યમુનાજીમાં પોતાનું પ્રતિબિંબ જોવું. યમુનાજી ભાવનું પોષણ કરનારા, ભાવનું દાન દેનાર છે. આપણા ઘરે વૈષ્ણવ પધારે ત્યારે આનંદ થાય તો આપ કાચના હિંડોળામાં છો. કાચમાં એકવાર તિરાડ પડે તો ન સંધાય. સ્વામીની સ્તુતિ ચતુષ્ટી કરવાથી ભાવનું પોષણ થાય છે. કોઈનો સંગ ન મળે તો સ્વામીજીની સ્તુતિ ચતુષ્ટીનો પાઠ કરવો. પ્રભુને ભાવે, પ્રભુને ગમે એવા થઈએ તો

પ્રભુ આપણને છોડી કદી ન જાય. ઠકુરાણી ત્રીજે પ્રભુનું અને શ્રી યમુનાજીનું પ્રથમ મિલન થયું. આ મિલન શ્રી મહાપ્રભુજીના ઘરમાં થયું હતું. શ્રી યમુનાજી, શ્રીનાથજી એ શ્રી મહાપ્રભુજી ત્રણે નિર્ગુણ સ્વરૂપ છે. માટે કાચનો હિંડોળો ત્રીજે આવે છે. કાચનો હિંડોળો એટલે શ્રી યમુનાજીના હૃદયમાં નિરખવું. ત્યાં માત્ર આનંદ છે. શ્રી યમુનાજીના હૃદયને બહુ સાવધાનીથી અડજો. ઝુલાવજો.

**મોતીનો હિંડોળો :** મોતી સાગરના પેટાળમાં છીપમાં હોય છે. મોતી મેળવવા માટે છીપને ખોલવું પડે છે. મોતીને હંસ ચુગે. હંસનો વાન સફેદ ઉજ્જવળ હોય. મોતી એટલે ગુણગ્રાહી થવું. ગુણગ્રાહી બની રહીએ તો ઉજ્જવળતા આપોઆપ પાસે આવે. મોતીનો હિંડોળો એટલે આપણામાં ગુણ છે એને બહાર કાઢો. ગુણ એટલે ભાવ. આપનામાં જેટલા ભાવ હોય એને બહાર પ્રકટ કરો.

**સૂકા મેવાના હિંડોળા :** સૂકો મેવો એટલે સાત્વિક ભક્ત. કોઈને કોઈ પ્રકારે તકલીફ ન આપે. સૂકો મેવો સત્ત્વ ગુણથી યુક્ત છે. સાત્વિકતા આપણને લાભ જ આપે નુકશાન ન કરે. આપણે પણ આપણા તરફથી કોઈને તકલીફ ન થાય એનું ધ્યાન રાખવું.

**તેજાનાનો હિંડોળો :** લવિંગ, તજ, જાવંત્રી, જાયફળ, કેસર, એલચીનો થાય. જ્યારે તેજાનાનો હિંડોળો થાય ત્યારે શીતલ, રસરૂપ સામગ્રી અધિક ધરવાની આવે.

**હરિયાળી અમાસનો હિંડોળો :** આ હિંડોળો લીલા પાંદડાનો હોય. એ આસોપાલવના પાન અથવા પાનના બીડાનો થાય. આ હિંડોળામાં શ્યામ ઢાકનો ભાવ છે. શ્યામ ઢાકના પાન પડીયા જેવા હોય. એમાં એક ચમચી દહીં પ્રેમથી આવી જાય. અમાસે ચાંદો ન ઉગે પણ આપણે ત્યાં અમાસને પણ ચાંદો ઉગે છે કારણ હિંડોળામાં વ્રજચંદ્ર ઝૂલે છે. વ્રજચંદ્ર અંધકારમાં જ્યોતિ છે. અમાસમાં પૂનમ છે અને અજ્ઞાનમાં જ્ઞાન આપે છે. જો હૈયામાં વિરહ તાપની અગ્નિ પ્રજવલિત થાય તો યમુનાજી પધારે. આપણા જ્ઞાન સમજ બુધ્ધિને ઠાકોરજીમા સમર્પિત કરી દઈએ તો ચંદ્ર ઉગે. હરિયાલી અમાસમાં ભાવ હરિત છે પણ પ્લવિત કેવી રીતે કરવા એ ખબર નથી. ભાવને પ્લવિત કરવાનું જેમ આપણને આવડતું જાય તેમ તેમ આપણે હરિયાળી અમાસમાંથી બહાર આવતાં જઈએ.

**સોનાના હિંડોળા :** સ્વામીનીજીના ભાવથી તથા ચાંદીના હિંડોળા ચંદ્રાવલીજીના ભાવથી ઝુલાવાય છે. સોનેરી તથા રૂપેરી તુઈ લગાવી ભાવ કરાય.

**મચકીના હિંડોળા :** એટલે સ્વામીનીજી પોતાના હૃદય ઉપર ઠાકોરજીને ઝુલાવે છે. સ્વામીનીજીના હૃદયમાં હિલોળા ઉઠે છે. જ્યારે હૃદયમાં ભગવતભાવનું રોપણ થાય એને કુમારિકાનો ભાવ કહેવાય. કુમારિકાનો ભાવ એટલે અડઘો ભય લાગે અડઘો ભાવ આવે. કુમારિકા એટલે સ્વામીનીજીનું હૃદય.

વૃક્ષની ડાળમાં કાથીના બનેલા બે દોરડા લટકાવીએ એટલે મચકીનો હિંડોળો બને. મચકીના હિંડોળામાં પ્યારીજી ઠાકોરજીને નિત્ય દુલ્હો બનાવે અને નિત્ય ઝુલાવે.

કોઈપણ હિંડોળો હોય આપણે ભાવ કરવો બરાબરી નહી. પ્રભુને ઝુલાવી નમન કરી કહેવું, પ્રભુ આપને જ્યાંથી જે અધિક સોહાય છે એ ભાવનું મને દાન કરો અને મારી સાથે ઝુલો, ચાહે નૈનમાં, ચાહે હૃદયમાં, ચાહે ભીતરમાં, ચાહે બહાર, ચાહે વાણીમાં, ચાહે ભાવથી, ચાહે સાવનમાં, ચાહે બારે માસ, ચાહે કથામાં, ચાહે કિર્તનમાં આપ રસરૂપ ઝૂલો એવો ભાવ કરી વિનંતી કરવી.

**મીનાનો હિંડોળો :** મીનો લાલ, લીલો, શ્યામ વગેરે રંગનો હોય. મીનો એટલે જડાવું પડે. મીનો ચોંટે પછી ઉખડે નહી. વ્રજભક્ત, સ્વામીનીજી, યમુનાજી ઠાકોરજીથી ચોંટેલા છે. દૃષ્ટિ હંમેશા પ્રભુના ચરણારવિંદમાં કરવી. આપણે નુપુર થવું જોઈએ. કારણ નુપુર ઠાકોરજી માટે હોય પાયલ નહી. મીનાની માફક ઠાકોરજીના ચરણારવિંદમાં ચોંટવું. મીનાના હિંડોળામાં યમુનાજીના ઘાટનો ભાવ છે.

રસગુલ્લાની સામગ્રી ઠાકોરજી આરોગતા નથી. દૂધ એટલે સ્નેહ, દૂધને ફાડીને એટલે કે સ્નેહને ફાડીને કોઈ ચીજ ઠાકોરજી આરોગતા નથી. વળી રસગુલ્લાની ચાસણી પણ કાચી હોય છે. ઠાકોરજી ગુલાબજાંબુ આરોગે છે.

# મનોમંથના

હૈયે જાગી મનોમંથના
વ્યાકુળતા એટલી રહેવાયના
હૈયું બોલે છે આધીરાતમાં...
લાડીલા ક્રિષ્ના તારા વિના હૈયું વલોવાયુને...
મધુરું તારું નામ 'કૃષ્ણ' વ્હાલું મને,
સમાવ્યો મેં મારા કવનમાં તને.
જનમ ધરીને માણ્યો છબીજીમાં તને,
નામ તારું જ અતિ ઘણુ વ્હાલુ મને.
'કેશવા' 'માધવા' નંદલાલ' 'કાનુડા' ગિરિધર ગોપાલા'
મધુર શબ્દોએ ચિતર્યો તને.
મધુરાં સુરમાં ગાયો તને.
મારા રોમરોમમાં હરશ્વાસમાં સમાવ્યો તને
શું શું વખાણું તારુ?
મધુરુ નામ!!
મધુરાં તારાં કામ
મધુર તારી વાંસળીના સુર
મધુર તારું મોરપંખ...!
જનમ ધરીને તને સાચુકલો માણ્યો હોત તો?
માતા જશોદા બનીને ઝુલાવ્યો હોત તો?
આપ્યાં હોત તને પિતા નંદરાયના દુલાર
ગોપી બનીને સહી હોત તારી જોરાજોરી
શું શું બનું?
બની હોત જો હું રાધારાની
તુજ સંગ આજભી, 'શ્રી કૃષ્ણના' સંગે પહેલી પૂજાતી હોત
મીરાં બનીને ગવાતી હોત
રૂકમન રાનીનાં વડેરાં માન
બની હોત હું ગાય કે ગોવાળ
બની હોત હું કદમ્બની ડાળ
બની બિંદુ શ્રી જમનાજીનો અંગીકાર કર્યો હોત
બની હોત જો હું કમળનું ફૂલ
બની હોત જો હું તુલસીજીનું દલ
બની હોત જો હું વનની વનરાઈ
કુંજનનો મોર બની ટહુકી હોત તો
ડાળડાળ, પાનપાન બની તુજ સંગમાં ઝુલતી હોત તો
જીવનધરી હું તો ધન્ય ધન્ય થઈ ગઈ હોત
જાણ્યો હોત તને? માણ્યો હોત તને?
નથી દીઠો, નથી માણ્યો, તોય આટલી છે પ્રીત
અગર તને સાચુકલાં દીઠો હોત, માણ્યો હોત તને?
જનમ જનમ મળી હોત મુક્તિ!!!
નથી જોતી મુક્તિ મારે, જનમ જનમ કરવી છે તારી ભક્તિ
તારાં ચરણોમાં સમાઈ ગઈ હોત
છબીજીમાં તુજને નિહાળી આટલી છે પ્રીત
સાચુકલાં જો મેં તને દીઠો હોત તો?
વાંસળી બની તારાં અધરોએ લીપટી હોત
તારી રાધા બની તુજ સંગ રાસ રચાવ્યો હોત
તુજ સંગ હોરી ખેલી હોત
ગોવાળ બની ગાયો ચરાવી હોત
તેમાંય મને મધુરપ લાગતી હોત
રસપાન બનીને કવનોનો રસ રેલાવ્યો હોત જો નિહાર્યો હોત તુજને
અષ્ટ સખા બની તને માણ્યો હોત
સુરદાસ બનીને પ્રજ્ઞા ચક્ષુએ તને સાચુકલાં નિહાળ્યો હોત
બની જો હોત હું તારાં નયનોની જ્યોતિ
મધમીઠાં તારાં હાસ્યની સુરખી
બની જો હોત હું તારાં પગની પાજેબ
બની જો હોત બાજુબંધ
અરે કિંકણી બની છમછમ બાજતી હોત
બની કેશર તારાં બાઘાનો કેસરીયો રંગ સોહાવ્યો હોત
હો મારા રાજ તારાં રોમ રોમમાં હું સમાણી હોત તો?
તુલસી દલ બની મહેકતી હોત
ફૂલની ખુશ્બુમાં સમાયી હોત
ફળમાં, ફૂલમાં હર રસ રંગ રૂપમાં તુજને પામી હોત
મધુરપ તારી માણી હોત તો?

'તેર મણના' 'તો' નો છેદ ઉડાવશે મારી ભક્તિ
આજ પણ તને માણી શકું છું.
તારાં પ્રેમને પામી શકું છું.
મારા હૈયામાંના નિર્મળ સ્નેહ જલમાં તુજને સાક્ષાત
નિહારી શકું છું.
મધુરપ માણી શકું છું.
તુજને ગાઈ શકું છું. મારા કવનોમાં તારી મધુરપ
માણી શકું છું.
દિવસના ઉજાલામાં, બીજલીનાં ચમકારામાં
બુંદ બુંદ વરસતી વર્ષામાં
ઘુઘવાતાં સાગરમાં
ધસમસતી નદીઓમાં
ધરતીની રજમાંને કણમાં
પાન પાન વનરાઈમાં
જલનાં એક એક બિંદુમાં
હવાના હર ઝોકમાં
રાતની અંધારપમાં
તારી મધુરપને માણી શકું છું
તારા રસ, રૂપ, રંગમાં હું રંગાઈ જાઉં છું ને?...
માણુ છું તું મુજ સંગ હોરી ખેલે છે
મધુર ચાંદનીમાં રાસ રમે છે
પ્રભુ, આ બધું તો ઠીક મારે તો તારાં ચરણ ચાંપવા
છે
તારી સેવા કરવી છે.
તુજને રોમરોમમાં સમાવી તુજને માણવો છે
જાણી તારું નટખટ રૂપ તને મારાં
હૈયામાં સમાવવો છે!!!
રાતના અંધારામાં ઉઠીને આ લખેલું છે
મન મારા ક્રિષ્ણા માટે એકદમ વ્યાકુળ બન્યું હતું
કે કલમને વ્યગ્ર મનની મંથના
લખવા પ્રેરીત કરી...
ગોકુલ અષ્ટમીના ખાસ અવસર માટે...
અર્પણ 'શ્રી કૃષ્ણને'

**- ઉષા ધારીયા**

# શ્રી વાડાસિનોર ગોકુલેશ સમાજ

## વ્યાખ્યાન (મણકા)નું આયોજન

**ભાવભીનું આમંત્રણ**

ઉપરોક્ત સમાજના નેજા હેઠળ પાંચદિવસીય વ્યાખ્યાનમાળાનું (મણકા)નુ આયોજન કરવામાં આવેલ છે.:- તારીખ ૧૭-૯-૦૮ થી ૨૧-૯-૦૮, વાર બુધવાર થી રવિવાર, ટાઈમ બપોરે ૩.૩૦ થી સાંજે ૬.૩૦ કલાક.

વચનામૃતમું રસપાન કરાવશે પરમ પૂજ્ય પાદ ગો.સ્વામી ૧૦૮ શ્રી કાલીંદીબેટીજી મહોદયા.

આપ સૌ જરૂરથી પધારશો અને આવા વચનામૃતનું રસપાન કરી આપનુ જીવન પુષ્ટીમાર્ગીય બનાવશો.

વધુ વિગત માટેની છાપેલી આમંત્રણ પત્રિકા જરૂરથી વાંચશો.

આ વ્યાખ્યાનમાળાના મનોરથી શ્રી કાન્તીલાલ લાલચંદ દોશીનો પરિવાર છે.

## એક દિવસીય ધાર્મિક પર્યટન

ઉપરોક્ત સમાજે ગોર્વધનનાથજી હવેલી-વાશી-ન્યૂ બોમ્બે ખાતે આયોજન કરેલ છે. જેની વિગત નીચે મુજબ છે.

તારીખ - ૧૨-૧૦-૨૦૦૮, વાર - રવિવાર,

ન્યોછાવર :: ૧૭૫ :જે ભૂલથી ૨૨૫ ગયા અંકમાં જણાવેલ હતા. સવારે ૬.૧૫ કલાકે બસ ચોપાટી બેન્ડ સ્ટેન્ડ થી ઉપડશે. સવારે ૮.૦૦ થી ૮-૪૫ મંગળા, ૮.૪૫ થી ૯.૪૫ નાસ્તો, ૧૦ થી ૧૦.૩૦ શણગાર, ૧૦.૩૦ થી ૧૧.૩૦ સત્સંગ કીર્તન, ૧૧.૩૦ થી ૧૨.૦૦ રાજભોગ, ૧૨.૩૦ થી ૧.૩૦ મંદિરમાં પ્રસાદ, ૨.૦૦ થી ૫.૩૦ સેન્ટરવન મોલની મૂલાકાત, ૫.૩૦ વાગ્યે મુંબઈ પ્રતિ પ્રયાણ.

વધુ માહિતી માટે મંત્રીઓનો સંપર્ક કરવો. ફોન ઓફીસ : ૨૩૪૩૮૫૩૫ મો. ૯૩૨૧૩૧૬૨૩૩

નિવેદન કરવામાં આવે છે કે જે વૈષ્ણવભાઈઓને કીર્તનીયા મંડળીમાં જોડાવાની ઈચ્છા હોય તો તેઓ મંત્રીશ્રીનો સંપર્ક કરે. તેમને કીર્તનનો બહોળો અનુભવ તથા ગાવાનો રાગ અને આલાપ સારો હોવો જરૂરી છે.

### કીર્તનીયા રાખતી વખતના સામાન્ય સૂચનો

(૧) ઘરમાં એક પાટલો તથા બાજઠની વ્યવસ્થા કરવી.
(૨) પૂરુષોએ પેન્ટ પહેરીને તીલક કરવૂ નહીં
(૩) હાથ ધોઈને તીલક કરવું
(૪) વીંટી - ઘડીયાળ નો પ્રતિબંધ નથી.
(૫) માળા, મીસરી, કંકુ અને ઠાકોરજીનો ફોટો સમાજ તરફથી લાવવામાં આવશે.

*- બીપીન કીરતનલાલ દોશી મંત્રી*


# મકાન વેચવાનું છે

**પીપળા શેરી - બાલાસિનોર**

૧૭૦૦ સ્કવેર ફીટ,
ગ્રાઉન્ડ પ્લસ પહેલો માળ,
ટેરેસ ડબલ ગાળાનું.
બે - ઘર થાય તેવું
બધી સગવડતાવાળું
સારી હાલતમાં
સ્વતંત્ર મકાન વેંચવાનું છે.

**સંપર્ક**

**પ્રવીણ દેસાઈ**

**ટેલીફોન - ૨૬૨૮ ૩૫૩૬**

## કચેરીયા મોજીલાલ ગોરધનદાસ જનરલ હોસ્પિટલ

બાલાસિનોરમાં કે.એમ.જી. હોસ્પિટલમાં સુવિધાયુક્ત નવી પ્રસૂતિ વીંગ ખુલ્લી મૂકાઈ

બાલાસિનોર : બાલાસિનોર તાલુકા તેમજ નજીકના ઠાસરા, કપડવંજ અને વરધરી વિભાગના અંતરીયાળ ગામડા અને ગરીબ, મધ્યમ વર્ગ માટે આર્શીવાદરુપ બાલાસિનોરની કે.એમ.જી. જનરલ હોસ્પીટલમાં આવનાર તમામ વર્ગના દરેક પ્રકારના દર્દીઓને જરૂરીયાત પ્રમાણે ડીલક્ષ, સેમી ડીલક્ષ પ્રકારની જેમાં અનુક્રમે એસી, ફ્રીઝ, ટીવી. સુવિધાની અને સાદી એમ બંન્ને પ્રકારની દાતા કમળાબેન પુનમચંદ પરીખ (રોકડીયા) તત્કાલીન જિલ્લા પંચાયત પ્રમુખ નયનાબેન પટેલના સહયોગથી મળેલ ગ્રાંટ અને હોસ્પીટલ મળી અંદાજી ૧૨ લાખના ખર્ચથી તૈયાર કરાયેલ વિંગને નયનાબેન, પૂર્વ ધારાસભ્ય રાજેષ પાઠક (પપ્પુભાઈ), નાગરીક બેંક ચેરમેન મણિકાન્ત કડકીયા, હોસ્પીટલ પ્રમુખ નવીનચંદ્ર, રસીકભાઈ દેવ, રજનીકાંન્ત શાહ, નગરના અગ્રણિઓની ઉપસ્થિતિમાં ખુલ્લી મુકાઈ હતી. આ પ્રસંગે હોસ્પીટલ પ્રમુખે પ્રજાના દરેક વર્ગે હાજરી આપી હતી.

**ઓપરેશન મિતિ યોજના**

આ યોજના હેઠળ રૂા. ૭૫૦૦/-નું દાન સ્વિકારવામાં આવે છે. નવા નોંધાયેલ દાતાઓના નામ :

૧) મીનાબેન જયપ્રકાશ કડકીયા
૨) મંજુલાબેન નવિનચંદ્ર કડકીયા
૩) નવિનચંદ્ર ઓચ્છવલાલ કડકીયા
૪) સ્વ. વિનુભાઈ મણીલાલ કડકીયા (લટકારી)ની પુણ્યતીથી નીમીતે
૫) સ્વ. વિનુભાઈ મણીલાલ કડકીયા (લટકારી)ની જન્મતીથી નીમીતે.

**પુરક સહાય ફંડ**

(૧) ૨૫૦૦૦/- સ્વ. વિનુભાઈ મણીલાલ કડકીયા (લટકારી)ની સ્મૃતીમાં

***- મંત્રીઓ ધીરૂભાઈ શેઠ, રાજેન્દ્ર દેસાઈ***

## ૧૨ મી વાર્ષિક સામાન્ય સભાની નિવિદા

કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટની બારમી વાર્ષિક સામાન્ય સભા શુક્રવાર તા. ૧૯-૦૯-૨૦૦૮ના રોજ સાંજે ૬.૩૦ કલાકે શ્રીમતી સુભદ્રાબેન નવીનચંદ્ર શાહ (કલકત્તાવાળા) સભાગૃહ શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ ૪૫-૪૯, બાબુ ગેનુ રોડ, કાલબાદેવી, મુંબઈ -૪૦૦૦૦૨ મધ્યે નીચે મુજબના કામકાજ માટે મળશે. તેમાં સમયસર હાજર રહેવા વિનંતી છે.

**કામકાજ**

૧) ગત વાર્ષિક સામાન્ય સભાની કાર્યનોંધનું વાંચન અને મંજુરી.
૨) વર્ષ ૨૦૦૭-૨૦૦૮ના વાર્ષિક અહેવાલને બહાલી આપવી.
૩) વર્ષ ૨૦૦૭-૨૦૦૮ના આવક જાવક ના સરવૈયા સહીતના અન્વેષિત હીસાબો, કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટ અને કે.એમ.જી. હોસ્પિટલના હિસાબો મંજુર કરવા.
૪) વર્ષ ૨૦૦૮-૨૦૦૯ માટે માનદ અન્વેષકની નિમણૂંક કરી માનદ મહેનતાણું નક્કી કરવા.
૫) સભ્યોના આવેલ ઠરાવો પર વિચારણા કરવા બાબત
૬) પ્રમુખશ્રીની અનુમતિથી જે રજુ થાય તે.

**નોંધ**

૧) કાર્યસાધક હાજરીના અભાવે મુલતવી રહેલી સભા અર્ધા કલાક બાદ તે જ સ્થળે અને તેજ કામકાજ માટે ફરીથી મળશે.
૨) ઠરાવ તા. ૧૩-૦૯-૨૦૦૮ પહેલાં મંત્રીશ્રીને મુંબઈ નિયામક ઓફિસે મોકલી આપવા.

***લી. ધીરૂભાઈ શેઠ / રાજેન્દ્ર દેસાઈ - માનદ મંત્રીઓ***

# વાડાસિનોર પ્રગતિ સમાજ
# કો.ઓ.ક્રેડીટ સોસાયટી લીમીટેડ

માનનીય સભ્યોની યોગ્ય જાણકારીના હેતુથી ધીરાણના વ્યાજના દરો તથા નિયમો જ્યોતિ-પૂંજના માધ્યમદ્વારા સૌની સમક્ષ મુકવાનું કારોબારી સમિતીની મીટીંગમાં સભ્યોએ સૂચન કર્યું હતું.

સભ્યોને માહિતીનો લાભ લેવા વિનંતી છે.

| ધીરાણ | વ્યાજના દરો |
|---|---|
| ધંધાકીય ધીરાણ | ૧૨ ટકા |
| ગાડી/ફેક્સ મશીન/કોમ્પ્યુટર | ૧૨ ટકા |
| રહેઠાણની નવી જગ્યા માટે | ૯.૫૦ ટકા |
| ગૃહ ઉદ્યોગના સાધનો | ૧૦ ટકા |
| ઘર રીપેરીંગ-અભ્યાસ / લગ્ન હોમ એપ્લાયસીન્સ / રૂા. ૨૫૦૦૦/ સુધી | ૧૦ ટકા |
| ફર્નીચર / સીવીલ વર્ક/ હોમ એમ્પલાયસીન્સ રૂા. ૨૫૦૦૦/થી વધુ | ૧૧ ટકા |

૧-૦૫-૨૦૦૮ થી અમલમાં આવેલ સુધારા

(૧) કોઈપણ સભ્યને વધુમાં વધુ રૂા. ૨,૦૦,૦૦૦/- સુધીનું ધીરાણ ૧૦,૨૦,૩૦,૪૦, અને ૬૦ હપ્તામા આપવામાં આવશે. જે માટે તેઓને ઓછામાં ઓછા ચાર જામીનદારની જામીનગીરી આપવાની રહેશે. એક કુટુંબના સભ્યોને (પતિ-પત્ની) વધુમાં વધુ રૂા. ૪,૦૦,૦૦૦/- સુધીનું ધીરાણ કરવામા આવશે.

(૨) ધંધાકીય ધીરાણ વધારામાં વધારે સંયુક્ત કુટુંબને રૂા. ૮ લાખ સુધી વધુમાં વધુ ૬૦ હપ્તેથી મળશે.

(૨અ) નવો ધંધો શરૂ કરવા માટે વગર વ્યાજે રૂા. ૨૫,૦૦૦/- સુધીનું ધંધાકીય ધીરાણ ૬૦ માસીક હપ્તાથી મળશે. આ રીતે વગર વ્યાજે ધીરાણ પહેલી વખત ફક્ત એક જ વખત મળશે.

(૩) રહેઠાણ યોજના હેઠળ એક કુટુંબના ૨૧ વર્ષની ઉપરના ૪ સભ્યો ભેગા રહેતા હશે અને ભેગા રહેવાના હશે, તો ચારે જણ સંયુક્ત રીતે અલગ અરજી કરશે તો વધુમાં વધુ રૂા. ૮,૦૦,૦૦૦/- (રૂા. ૮ લાખ) સુધીનું ધીરાણ ૬૦ માસિક હપ્તાથી આપવામાં આવશે. ધીરાણ પ્રથમ હપ્તો મુડી તથા વ્યાજ સાથે લેવાશે. એગ્રીમેન્ટમાં સંયુક્ત રીતે લોન હોલ્ડરના નામ હોવા જરૂરી છે.

(૩અ) કોઈપણ સભ્યને વધુમાં વધુ નવી જગ્યા માટે ૨,૫૦,૦૦૦/-નું ધીરાણ ૧૦,૨૦,૩૦,૪૦,૬૦ અને ૧૦૦ હપ્તાથી આપવામાં આવશે. જે માટે તેઓએ પાંચ જામીનદારોની જામીનગીરી આપવાની રહેશે, તેમજ મોર્ગેજ ડીડ બનાવીને ઓરીજીનલ ડોક્યુમેન્ટ અને તેમની સોસાયટીના શેર સર્ટીફિકેટ મોર્ગેજમાં આપવાના રહેશે.

(૪) સ્નાતક પછીના અભ્યાસ માટે વ્યક્તિના કુટુંબની વડીલ વ્યક્તિને રૂા. ૨,૦૦,૦૦૦/-, ૪,૦૦,૦૦૦/- સુધીનું ધીરાણ એન્ટાઈટલમેન્ટ પ્રમાણે ઓછામાં ઓછા ચાર/છ જામીનદારોથી ૬૦ હપ્તાથી આપવામાં આવશે. માસિક હપતા તથા

## વાડાસિનોર પ્રગતિ સમાજ
## કો.ઓ. ક્રેડીટ સો. લીમીટેડ

માનનીય શેર-હોલ્ડર ભાઈઓ/ બહેનો,

૨૨મી વાર્ષિક સામાન્ય સભામાં સર્વાનુમતે પસાર થયેલા ઠરાવ મુજબ ૨૦૦૭-૨૦૦૮ના વર્ષનું ૧૫ ટકા ડીવીડન્ટ તા. ૨૧.૦૮.૨૦૦૮ થી કામકાજના દિવસોમાં બપોરના ૧૨ થી ૪ ના સમય દરમ્યાન સોસાયટીના કાર્યાલયમાંથી આપવામાં આવશે.

*લી. વાડાસિનોર પ્રગતિ સમાજ*
*કો.ઓ.કે.સો.લિ.(કારોબારી સમિતિ વતી)*

૧૧માં મહિનાથી અગાઉના ૧૦ હપ્તાના વ્યાજ સાથે ભરવાના રહેશે.

(૫) સભ્યોના તથા પુત્ર/પુત્રીના લગ્ન પ્રસંગે કુટુંબની વડીલ વ્યક્તિને ધીરાણ ગુણવત્તાપ્રમાણે કારોબારીને વિચારાધીન વ્યાજના દરે આપવામાં આવશે.

(૬) નેશનલ સેવીંગ સર્ટીફીકેટની આઠમી શ્રેણી સામે અને કિસાન વિકાસ પત્ર સામો ૭૫ ટકા લોન આપવામાં આવશે તે માટેના ટ્રાન્સફર અંગેના કાગળ સોસાયટીના કાર્યાલયમાંથી મેળવી સોસાયટીની તરફેણમાં પોસ્ટ ઓફીસમાંથી મજકુર સર્ટીફીકેટનો પ્લેજ કરી આપવામાં આવ્યા પછી સભ્યોને ધીરાણ મળશે. નેશનલ સેવીંગ સર્ટીફીકેટ સામેની લોન વધુમાં વધુ એક સભ્યને રૂા, ૨,૦૦,૦૦૦/- સુધી મળી શકશે.

***લી. વાડાસિનોર પ્રગતી સમાજ કો.ઓ.ક્રેડીટ સોસાયટી લીમીટેડ કારોબારી સમીતી વતી***

## બાજત બધાઈ

નંદ ઘર આજ બાજત બધાઈ
આજ હમારે આંગન મંગલ માઈ...નંદ
સાજત આજ મંગલ આનંદ અતિ
આજ બિરજમાં શુભ દિન આયોરી...નંદ
પાર બ્રહ્મ નિનાદ ઉઠત ભારી
પ્રકટ ભયે શ્રી શ્યામ સુંદર સુખદાયી...નંદ
નિરખત મુખકમલ ઉર આનંદ સમાયી
આશિષ દેત લેત બલૈયા નીરખી...નંદ
નંદ પર આજ બાજત બધાઈ
આજ બાજત બધાઈ બધાઈ
નંદ ઘર આજ બાજત બધાઈ...
'નંદ ઘેર આનંદ ભયો જે કનૈયા લાલકી'
'જે કનૈયા લાલકી'

***-ઉષા ધારીયા***

## શ્રી બાલાસિનોર કેળવણી મંડળ પી.વી. વિદ્યાલયના બે વર્ગખંડ માટે

ફરી એકવાર અમે અમારી ઝોળી આપ સૌ સમક્ષ ફેલાવી રહ્યા છીએ. વર્ષ દરમ્યાન રીનોવેશન નવીનીકરણ . આપ સૌના સાથ સહકારથી સંપન્ન કરી શક્યા તેનો આનંદ છે. ખાસ કરી શાળાના મુખ્ય દાતા ઓચ્છવલાલ શેઠના પરિવારનું આ માટે બહુમૂલ્ય યોગદાન રહયું.

આજે આ અપીલ કરી રહ્યા છીએ રૂપિયા દસ લાખના દાન માટે આપણી કન્યાશાળા પી.વી. વિદ્યાલયમાં સતત વધતી જતી સંખ્યાના કારણે બે વધારાના વર્ગ ખંડો બાંધવાની આવશ્યકતા છે. દરેક વર્ગ ખંડને રૂપિયા પાંચ લાખનું દાન આપનાર દાતાનું નામ જોડવામાં આવશે.

શિક્ષણ માટે આપેલું દાન અને આ તો કન્યાશાળા માટેની જરૂરીયાત છે. આપણા પ્રથમ પંતપ્રધાન જવાહરલાલ નહેરુએ કહયું હતું. 'તમે જ્યારે એક સ્ત્રીને શિક્ષિત કરો છો ત્યારે આખા સમાજને શિક્ષિત કરો છો.'

અમને આશા અને શ્રધ્ધા છે અમારી આ ટહેલને બાલાસિનોરના ઉદારદિલ દાતાઓ સવેળા પૂરી કરી) અમારા શિક્ષણ યજ્ઞને વેગવંતો બનાવવામાં અમૂલ્ય ફાળો આપશે.

સંપર્ક ::- જતીન દેસાઈ - મંત્રી સુજાતી ઈલેકટ્રીકલ એન્ટરપ્રાઈઝ ૪૨, બાબુગેનુ રોડ, મુંબઈ ૪૦૦૦૦૨

જતીન દેસાઈ, ચંદ્રકાંન્ત દેસાઈ -મંત્રીઓ
લિ. નવનીતલાલ સાંકરલાલ ધારીઆ પ્રમુખ.

# શ્રી બાલાસિનોર સેવા સમાજ

**૪૪મી વાર્ષિક સામાન્ય સભાની નિવિદા**

શ્રી બાલાસિનોર સેવા સમાજની ૪૪ મી વાર્ષિક સામાન્ય સભા શુક્રવાર તા. ૧૯-૦૯-૨૦૦૮ના રોજ સાંજે ૭.૦૦ કલાકે શ્રીમતી સુભદ્રાબેન નવીનચંદ્ર શાહ (કલકત્તાવાલા) સભાગૃહ શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ ૪૫-૪૯, બાબુ ગેનુ રોડ, કાલબાદેવી, મુંબઈ ૪૦૦૦૦૨ મધ્યે નીચે મુજબના કામકાજ માટે મળશે. તેમા સમયસર હાજર રહેવા વિનંતી છે.

**કામકાજ**

૧) ગત વાર્ષિક સામાન્ય સભાની કાર્યનોંધનું વાંચન અને મંજુરી.

૨) વર્ષ ૨૦૦૭-૨૦૦૮ના વાર્ષિક અહેવાલને બહાલી આપવી.

૩) વર્ષ ૨૦૦૭-૨૦૦૮ના આવક જાવકના સરવૈયા સહીતના અન્વેષિત હીસાબો, મંડળ અને ઔષધાલયના હિસાબો મંજુર કરવા..

૪) વર્ષ ૨૦૦૮-૨૦૦૯ માટે માનદ અન્વેષકની નિમણૂંક કરી માનદ મહેનતાણું નક્કી કરવા.

૫) સભ્યોના આવેલ ઠરાવો પર વિચારણા કરવા બાબત

૬) પ્રમુખશ્રીની અનુમતિથી જે રજુ થાય તે.

**નોંધ**

૧) કાર્યસાધક હાજરીના અભાવે મુલતવી રહેલી સભા અર્ધા કલાક બાદ તે જ સ્થળે અને તેજ કામકાજ માટે ફરીથી મળશે.

૨) ઠરાવ તા. ૧૩-૦૯-૨૦૦૮ પહેલાં મંત્રીશ્રીને મુંબઈ નિયામક ઓફિસે મોકલી આપવા.

*લી. ધીરૂભાઈ શેઠ / રાજેન્દ્ર દેસાઈ*

# શ્રી વાડાસિનોર દશાનિમા વિદ્યોતિજક મંડળ

સહર્ષ જણાવવાનુ કે ચાલુ માસ દરમ્યાન ઉપર્યુક્ત મંડળને નીચે મુજબ દાન/ન્યાસ ફંડ પ્રાપ્ત થયેલ છે.

શ્રીમતી પ્રમિલાબેન રમેશચંદ્ર દેસાઈ (મેનપૂરાવાળા) (હસ્તે સમીર રમેશચંદ્ર દેસાઈ) તરફથી રૂા. ૧,૦૦,૦૦૦/-

કુસુમબેન રસિકલાલ અને રસિકલાલ મણીલાલ લાકડાવાળા પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ તરફથી રૂા. ૧૫૫૫૫/-

મંડળની કારોબારીના સભ્યો તથા ટ્રસ્ટીઓ ઉપર્યુક્ત દાન વચન બદલ દાતાશ્રીનો હાર્દિક આભાર માને છે.

નોંધ :- ઑગસ્ટ ૨૦૦૮ના અંકમાં સરતચૂકથી શ્રી પ્રકાશ ચીમનલાલ શાહ (નગરશેઠ) નામ લખાયેલ છે. જે સુધારીને શ્રી દીપક ચીમનલાલ શાહ (નગરશેઠ) નામ વાંચવું ક્ષતિ બદલ ક્ષમા.

***- અસીત રમેશચંદ્ર દેસાઈ, કિરીટ રમણલાલ કડકીઆ (મલમ)***
***માનદ્ મંત્રીઓ***

# શ્રી વાડાસિનોર ગોકુલેશ સમાજ

શ્રી વાડાસિનોર ગોકુલેશ સમાજ દ્વારા સુકી વ્રજ પરીક્રમાનું આયોજન તા. ૩.૨.૨૦૦૯ થી તા. ૧૪.૨.૨૦૦૯ દરમ્યાન કરવામાં આવશે. આ પ્રવાસ માટે નો અંદાજીત ખર્ચ રૂા. ૯,૦૦૦/- આંકવામાં આવ્યો છે. જે કોઈ બાલાસિનોરના ધર્માનુરાયી વૈષ્ણવો આ પરીક્રમામાં જોડાવાની ઈચ્છા ધરાવતા હોય તેઓને વીનંતી કે તેઓ શ્રી બીપીન કીરતનલાલ દોશી મંત્રી નો સંપર્ક સાધે. ટે.નંબર ૯૮૨૧૩૧૬૨૩૩-૨૩૬૭૨૧૪૩.

***લી. બાલાસિનોર ગોકુલેશ સમાજ વતી***
***મંત્રી:- શ્રી બીપીન કીરતનલાલ દોશી***

# સંસ્થા સમાચાર

વર્ષ ૨૦૦૮-૨૦૦૯ની કાર્યવાહીક સમિતિની ત્રીજી બેઠક તા. ૨૧-૦૮-૨૦૦૮ ના રોજ ગુરૂવારે સાંજે ૭.૧૫ કલાકે શ્રીમતી સુભદ્રાબેન નવીનભાઈ શાહ (કલકતાવાળા) સભાગ્રહ ખાતે મળી હતી.

સંસ્થાના પ્રમુખ શ્રી પ્રદીપ કડકીઆના નેજા હેઠળ નીચે મુજબના મુદ્દાઓ હાથ ધરાયા હતા.

સહમંત્રી શ્રી ભાવેશ મોદીએ બીજી બેઠકનો અહેવાલ રજુ કર્યો હતો અને તે સર્વાનુમત્તે પસાર કરવામા આવ્યો હતો.

વાર્ષિક રસોત્સવ તા. ૧૬.૧૧.૨૦૦૮ના રોજ બીરલા માતુશ્રી સભાગૃહ ખાતે યોજાશે. ચીમનલાલ શાહ (કલકત્તાવાળા) હાજરી આપશે.

ઉપનગર વિભાગના દાંડીયા રાસ તા. ૧૨.૧૦.૨૦૦૮ના રોજ બજાજ મ્યુનીસીપલ ગ્રાઉન્ડ ખાતે રમાશે તેમા મુખ્ય મહેમાન તરીકે શ્રી ગુણવંતભાઈ ઓછવલાલ શાહ (સુરતવાલા) હાજરી આપશે, તથા નવું નાટક તા ૨૧-૧૨-૨૦૦૮ ના રોજ દિનાનાથ મંગેશકર હોલ (વિલેપાર્લા) ખાતે ભજવાશે.

કુલ ૬ નવી આજીવન સભ્યપદની અરજી આવી હતી તથા ત્રણ સભ્યોની લીવ આવી હતી તે સર્વાનુમત્તે પસાર કરવામાં આવી હતી.

પ્રમુખશ્રીએ આભાર માની સભા બરખાસ્ત કરી હતી.

*મંત્રી - શ્રી મંજુલભાઈ શૈલેશ ધારીઆ*
*પ્રમુખ : પ્રદીપ કડકીઆ*

## મન ની વાણી

તુમ સા ઠાકુર પાય કે, અબ ઔર કહાં મૈં જાઉં
ઈતની કૃપા કરો પ્રભુ મુઝપર નિશદિન દરશન પાઉં
વાણીમેં ઐસા રસભરદો ગુણ તુમરે હી ગાઉં
ઔર કહીંના ઝુકે શીશ યહ તવ ચરણનશીશ નમાઉં
માયા, મોહ, કામ ક્રોધ, લોભ દંભ ઔર દ્રેષ
મૂલ હૈ વિનાશ કે, ઈન્હેં તજીયે
ગોકુલેશ નામ લિયે, કટતે હૈં કલેશ સારે
ગોકુલેશ, ગોકુલેશ, ગોકુલેશ ભજીયે

*- બી.એસ.ગાંધી, કાનપુર*

# પ્રકીર્ણ વિભાગ

## નવા સરનામાં

૧. **મનીષ એમ. ભાવસાર**
જય ક્રિષ્ણ ધામ કો.ઓપ.હા.સો.
૩૦૭/બી વીંગ, ૩ જે માળે,
બી.પી.ક્રોસ રોડ નંબર-૫,
ભાયંદર (ઈસ્ટ), થાણા - ૪૦૧૧૦૫

૨. **શીતલ પ્રવીણચંદ્ર કડકીઆ**
ડી-૨, પટેલ નગર, એમ.જી.રોડ,
કાંદિવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૬૭
ફોન : ૯૯૨૦૧૧૦૫૬૬/ ૯૯૨૦૩૨૮૪૨૭

૩. **પરાગ આર. ગાંધી**
ફ્લેટ નંબર-૪૧, બી વીંગ,
સીતા સદન કો.ઓ.હા.સો
સ્કાયબ્લિડ વિલેજ, ઓફ સાંઈ બાબા નગર,
ભાટીયા હાય સ્કુલની પાછળ,
કાંદિવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૬૭.

૪. **શાંતિલાલ ભીખાલાલ કડકીઆ (હાલોલવાળા)**
૨૩૨, વાલકેશ્વર રોડ, મેકર એપાર્ટમેન્ટ,
૧ લે માળે, ફ્લેટ નંબર-એ, મુંબઈ-૪૦૦૦૦૬
ફોન : ૨૩૬૭૫૫૮૦

5. **Rupesh Suresh Dharia (Balbal)**
A/3/52 Goyal Intercity
A Block, Near SAL Hospital.
Drive IN Road, Ahmedabad- 380054
Rupesh S. Dharia - 09925016783
Hetal R. Dharia - 09978064624

## લગ્ન નોંધ

જીગર કૌશિક કનૈયાલાલ પરીખ
સુપ્રભા વિજયભાઈ પંચાલ

## નવા ફોન નંબર

સુષ્મા પ્રવીણ દેસાઈ
: (M) 9913964538
પ્રવીણ સાંકરલાલ દેસાઈ
: (M) 9819783536

## બાલાસિનોરનું ગૌરવ

હિતેન રજનીકાંત પરીખ/મનીષા હિતેન પરીખ (બંગાળી)ન સુપુત્ર કુનાલે FAA - Commercial Pilot Licence (Sandiego, California, U.S.A.) થી ઓગસ્ટ ૨૦૦૮ની પરીક્ષામાં મેળવેલ છે.

આ લાયસન્સ કન્વર્ટ થયા બાદ ભાઈ શ્રી કુનાલ કોઈપણ વ્યવસાયિક એરલાઈનમાં કૉ-પાયલોટ તરીકે નોકરી પ્રાપ્ત કરી શકે છે.

આ Course નો Period ૧૨ મહિનાનો છે. અને ૧૯ વર્ષથી પણ ઓછી ઉંમરે કુનાલે આ પરીક્ષા પાસ કરી છે.

આપણા બાલાસિનોરમાં આવી વિરલ સિદ્ધિ મેળવનાર તે પ્રથમ યુવાન છે.

કુનાલ ભવિષ્યમાં વધુ અને વધુ પ્રગતિ સાધે તથા પોતાના કુટુંબ સાથે સમાજનું નામ રોશન કરે એ શુભકામના.

## તેજસ્વી તારલા

૧. **પ્રેરક ઉદય ધારીઆ** (ઓલ્લા) બેચલર ઓફ ટેકનોલોજી ઈન ઈલેકટ્રોનીકસના બીજા વર્ષમાં ૮૭ % માર્કસ સાથે ઉત્તીર્ણ થયા છે.
૨. **રાહીલ કિરણ મોદી** (ચોધરી) મુંબઈ યુનીવર્સીટીના આય.ટી. એન્જીનીયરીંગની ફાઈનલમાં ડીસ્ટીંકશન સાથે ઉત્તીર્ણ થયા છે.
૩. **રોનેલ નિખિલ પરીખ** M.B.B.S. ના પ્રથમ વર્ષમાં ડીસ્ટીંગશન સાથે ઉત્તીર્ણ થયા છે.
૪. **જાનવી રવિતેજ કાપડીયા** ICSE માં ૯૩% માર્કસ સાથે ઉત્તીર્ણ થયા છે.
૫. **જીમીશ નિખિલ દેસાઈ** H.S.C. માં ૮૦ % માર્કસ સાથે ઉત્તીર્ણ થયા છે.

## મૃત્યુ નોંધ

| | |
|---|---|
| સરલાબેન રસીકલાલ પરીખ (તાતિયા) | ૭૬ |
| રોહીત મોહનલાલ દેસાઈ (વિમાવાળા) | ૬૯ |
| ભારતીબેન અજય મોદી (વીમાવાળા) | ૫૪ |
| જયેશ વિનોદચંદ્ર શાહ (વડોદરાવાળા) | ૫૧ |
| પ્રવીણચંદ્ર ચીમનલાલ શાહ (સેવક) | ૭૦ |
| નવનીતલાલ સાંકરલાલ ધારીયા (માટલી) | ૭૬ |
| ચંદ્રકાતાંબેન કુબેરદાસ ધારીયા (બલબલ) | ૮૦ |
| ડૉ. અશોક કીરતનલાલ ગાંધી | ૫૬ |

પ્રભુ ઉપરોક્ત આત્માને ચિર:શાંતિ અર્પે.



**ચક્ષુદાન કરેલ છે**

**ડૉ. અશોક કીરતનલાલ ગાંધી**
(ઉ.વ.-૫૬)

SEPTEMBER - 2008

Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai-400 011
Licence to post without prepayment ; Licence No.-South-97/2006-08
JYOTI PUNJ Regd.No.MH/MR/South-189/2006-08
Registered Newspaper of India No. - B/7649

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ



## (ઉપનગર વિભાગ)

સહર્ષ યોજે છે

# ‘દાંડિયા રાસ’



મનિષ એન્ડ હીઝ ઑરકેસ્ટ્રાની રમઝટ સાથે આપ સહુના સથવારે
સ્થળ :- બજાજ મ્યુન્સીપલ સ્કુલ, બજાજ સ્કુલના ગ્રાઉન્ડમાં, કાંદિવલી ફાયર બ્રિગેડ ની બાજુમાં, રેલ્વે સ્ટેશનની બાજુમાં, કાંદિવલી (વેસ્ટ) મુંબઈ -૬૭.
તારીખ :- ૧૨.૧૦.૨૦૦૮
સમય :- સાંજે ૫.૩૦ કલાકે

## ઉપનગર વિભાગ દાંડિયા રાસના અતિથિ વિશેષ મુખ્ય મહેમાન

## શ્રી ગુણવંતલાલ ઓચ્છવલાલ શાહ (સુરતવાળા)

દરેક બાલાસિનોરવાસીઓને સમયસર હાજર રહેવા વિનંતી છે.

પ્રથમ ૫૦૦ વ્યક્તીને ફ્રી કોલ્ડ ડ્રીંક ની કુપન આપવામાં આવશે.

દાંડિયા રાસ રમવા માટે ટ્રેડીશનલ ડ્રેસ સારામા સારો પહેરી આવનારને તથા સારૂ રમનારને ઈનામ આપવામાં આવશે. ઉંમર પ્રમાણે ગ્રુપ પાડી લેડીઝ તેમજ જેન્ટસને અલગ અલગ ઈનામ આપવામાં આવશે, બેચ ગેટ ઉપર ૭.૦૦ વાગ્યા સુધી આપવામાં આવશે.

આ સાથે ગયા અંકમાં આપ્યુ એ પ્રમાણે શ્રીમતી મણીબેન મણીલાલ શાહ (ઝાટ) પુરસ્કૃત પારીતોષક વિતરણ પણ કરવામાં આવશે. વર્ષ ૨૦૦૮ માટે ધોરણ ૧ થી ૯ દરેક જણને એમના બાળકોના રિઝલ્ટની ઝેરોક્ષ કોપી તા. ૨૦-૯-૨૦૦૮ સુધી મોકલી આપવા વિનંતી રીઝલ્ટની પાછળ એડ્રેસ તથા ટેલીફોન નંબર લખવો જરૂરી છે અને તેને નીચેના સરનામે મોકલી આપવા.

(૧) શ્રી બાલાસિનોર નવયુવકસંઘની ઓફીસ મુંબઈ
(૨) નિમીષ બાબુલાલ ગાંધી બી, ૩૧, ૩જે માળે રાજેશ એપાર્ટમેન્ટ, કાંદિવલી વેસ્ટ, મુંબઈ-૬૭
(૩) શ્રી દક્ષેશ સોમાલાલ પરીખ ૨૩/૨૪ સીધ્ધ એપાર્ટમેન્ટ માર્વેરોડ, મલાડ (વેસ્ટ)
(૪) શ્રી હેમેન્દ્ર રમણલાલ શાહ. સી/૩૦૨, સુમેર નગર એસ વી રોડ, બોરીવલી (વેસ્ટ)

*સંયોજક:- શ્રી નિમીષ બાબુલાલ ગાંધી , મંત્રી :- શ્રી મંજુલ ધારીઆ*